# અધ્યાત્મ



વર્ષ : ૧૬ સપ્ટેમ્બર–૧૯૯૫ અંક : ૧૨

# પોતાનું અને બીજાનું મંગલ કરનારની કદી દુર્ગતિ થતી નથી

સાધનાના પંથના પથિકે અનંત આશા, ધીરજ ને ઉત્સાહનું ભાથું ભરીને રોજ રોજ આગળ ને આગળ વધવું જોઈએ. નિરાશા ને વિષાદના વિચારથી તેણે સદાય દૂર રહેવું જોઈએ એમ ગીતા આજ્ઞા કરે છે. આ સંસારમાં જન્મ લઈને જે આત્મોન્નતિના મંગલ કામમાં લાગી જાય છે અથવા તો બીજાનું મંગલ કરવામાં આનંદ માને છે તેની કદી પણ દુર્ગતિ થતી નથી : અથવા તેનો કદાપિ વિનાશ થતો નથી : એ ગીતાની પ્રતિજ્ઞા છે. પ્રતિજ્ઞાના જ સ્વરૂપમાં ભગવાને અર્જુનને આ શબ્દો કહેલા છે. ભગવાને પોતાના ભક્તોને ને કલ્યાણ માર્ગે ચાલનારા બીજા બધા જ માણસોને આ શબ્દો દ્વારા ચોક્કસ બાંયધરી આપી છે. ને વાત સાચી જ છે. આ સંસારમાં જે કલ્યાણને માર્ગે જાય છે ને બીજાને તે માર્ગે જવામાં મદદ કરે છે એનું અ-કલ્યાણ થાય જ કેવી રીતે? 'કરે તે ભોગવે ને વાવે તેવું લણે' એ આ સંસારનો નિયમ છે. તે પ્રમાણે જે માણસ જેવું બીજ વાવશે તેવું જ ફલ પ્રાપ્ત કરશે. બાજરી વાવીને કોઈ ઘઉંની આશા કરે તો તે આશા કદાપિ ફળી શકે ખરી કે? તેવી જ રીતે આ સંસારમાં જે બૂરાં કર્મ કરે છે, જૂઠ, કપટ, વેર, ઈર્ષ્યા તથા અહંકારથી યુક્ત થઈને અમંગલ કર્મ કરે છે તે કદી પણ સુખ કે શાંતિ મેળવી શકતા નથી, તેમ જ તેમની ઉન્નતિ પણ નથી થઈ શકતી.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫–૦૦

વિદેશમાં રૂ. ૨૦૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).**
- **તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.**
- **સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.**
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧**
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧.


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| જન્મ જયંતીની ઉજવણી | તંત્રી | ૯ |
| ઈશ્વર-સાન્નિધ્યની સાધના | યશસ્વીભાઇ મહેતા | ૧૨ |
| ઉપાલંભ-યાચના | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૮ |
| સુકાન સંભાળો | દુર્લભજી ભક્ત (સ્યાદલા) | ૨૦ |
| જય હો! | પરમાર્થી | ૨૧ |
| સ્વામી શ્રી રામદાસ | રામભક્ત | ૨૨ |
| સંત એકનાથ-જીવન અને કાર્ય | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૩૧ |
| લવાજમ અંગે સૂચના | તંત્રી | ૪૫ |
| બેરીસ્ટર શ્રી મોહનલાલ વ્યાસની જીવનકથા-(૬) | જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી | ૪૬ |
| જ્ઞાનદાયિની શ્રી શ્રી મા શારદા | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૨ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૬ સપ્ટેમ્બર-૧૯૯૫ અંક : ૧૨

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૯-૪-૮૧, બુધવાર, ચૈત્ર વદ દશમ, ૨૦૩૭,**

**સ્થળ : ૮૯, કોટયાર્કનગર, રાંદેર રોડ, સુરત**

સવારે નિત્યકર્મ પ્રમાણે બધો જ કાર્યક્રમ થાય છે. સમયસર વ્યાયામ, દૂધ પીવું, લેખનકાર્ય બધું જ ઘડિયાળના ટકોરે થાય છે. બરાબર ૧૧:૨૦ મિનિટે ભોજન આવી જાય છે. પૂ. શ્રી ભોજન લઈ લે છે.

ત્યારબાદ બાર વાગે મુલાકાત શરૂ થાય છે. આજે કપૂરાથી ત્રણ ભાઈઓ તથા પૂ. શ્રીના કપૂરાના યજમાન શ્રી રમેશભાઈ, શારદાબેન પણ મળવા આવ્યાં છે.

પૂ. શ્રીએ રોજનિશિનું એક પાનું વાંચવાની સર્વેશ્વરીને સૂચના કરી, જેથી સર્વેશ્વરી નોંધ વાંચે છે. એ નોંધ ઉપરથી શ્રી ભટ્ટસાહેબ ચર્ચા શરૂ કરે છે.

**પ્રશ્ન :** સ્વધર્મ–પોતાની જાતને ઓળખવી. તે પણ ખરોને?

**પૂ. શ્રી :** 'સ્વ' એટલે માનવ તરીકે પોતાનો ધર્મ ને પોતાને જાણવાનો ને પોતે જ્યાં છે ત્યાં રહી જે ફરજો છે તે બજાવવાનો ધર્મ.

(એ પ્રશ્નની ખૂબ વિસ્તૃત ચર્ચા ચાલી જેમાં વર્ણાશ્રમ પ્રમાણે કર્તવ્યોની વહેંચણી થાય તો દેશનું ચિત્ર કેવું બને તેની ચર્ચા થઈ.)

**પ્રશ્ન :** શિવોહમ્‌ના આત્મવિચાર સાથે મંત્રજપ થઈ શકે?

**પૂ. શ્રી :** જુઓ, સૌરાષ્ટ્રમાં મિષ્ટાન્ન ગમે તે હોય, પણ સાથે બાજરીનો રોટલો તો હોય જ. તેમ આત્મસ્વરૂપ છું એવો ભાવ કરો ને સાથે તે આત્મસ્વરૂપના જ નામને જપો, તો વિરોધ ન થાય. નામનો આધાર લઈને પરમાત્મા પાસે પહોંચી જશો, તમારે જ્યાં સુધી પ્રેમથી સ્તોત્રપાઠ કરવા છે ત્યાં સુધી તમે તે કરો.

**પ્રશ્ન :** મોક્ષ કોણ આપી શકે?

**પૂ. શ્રી :** મોક્ષ કોણ આપી શકે? જાતે જ મેળવવો પડે. બીજું કોણ મુક્ત કરે? હા, તમને મોક્ષ અપાવવામાં મદદ કરી શકે. તમે સ્ટેશને જવાના હો તો કયા નંબરની બસ ક્યાંથી મળે, કેટલા વાગે મળે તે જણાવવામાં મદદરૂપ કોઈક થાય. પણ સ્ટેશને તો તમારે જ જવું પડે.

તેમ સંતો કે ગુરુઓ માર્ગ બતાવે, પણ તમારે જ જવું પડે. સંતો કહે આ રીતે કરો તો બદ્ધ થવાય, આ રીતે કરો તો મુક્ત થવાય. આ રીતે કરો તો સુખી થવાય. વળી સંતો માર્ગ બતાવે, તમારી સાથે થોડે સુધી ચાલે પણ ખરા, પણ આખરે તો તમારે જ જાતે પ્રયત્ન કરવો પડે.



આજે પ્રશ્નો બીજા પણ હતા. પણ નોંધને યોગ્ય ન હતા.

પ્રશ્નોત્તરી બાદ સમય થતાં સૌ વિદાય થાય છે. આજે સર્વેશ્વરી કપૂરાથી આવેલા પૂ. શ્રીના યજમાનો સાથે દિવસનો ઘણો સમય ગાળે છે. પૂ. શ્રી એ અંગે થોડી ટકોર પણ કરે છે.

સાંજે પ્રવચન સ્થળે સમયસર જવાનું બને છે. આજે પ્રવચનમાં પૂ. શ્રીએ મસ્ત બનીને ધૂન ગવડાવી ને રામાયણનું કવિતામાં રસપાન કરાવ્યું.

પ્રવચન બાદ ઉતારા પર આવી ખીચડી ને દૂધ લઈ આરામ કર્યો.

**તા. ૩૦–૪–૮૧, ગુરુવાર, ચૈત્ર વદ અગિયારસ, ૨૦૩૭,**
**સ્થળ : ૮૯, કોટયાર્કનગર, રાંદેર રોડ, સુરત**

સમયસર બધા જ કાર્યો થયા કરે છે. પૂ. શ્રી આજનું કાવ્યલેખન સર્વેશ્વરીને વાંચી સંભળાવે છે. વળી પૂછે છે, જપ, ભજન વિગેરે કર્યું કે નહીં? બધું જ કરવું જરૂરી છે. વિગેરે.

આજે અગિયારસ હોવાથી સમય થતાં પૂ. શ્રી દૂધ વગેરે લે છે. બાર વાગ્યે ઉતારાના દ્વાર સંપૂર્ણ ઊઘડી જાય છે. આજે પ્રમાણમાં ઘણા ઓછા સાધકો પૂ. શ્રીના દર્શને આવ્યા છે.

**શ્રી ભટ્ટસાહેબ** પ્રશ્ન શરૂ કરે છે. એના પ્રત્યુત્તરમાં સાધુ શબ્દની ચર્ચા ચાલી રહી છે.

**પૂ. શ્રી :** સાધુ એટલે સજ્જન. સાધુનો પ્રચલિત અર્થ બાવો કે ભાગેડુ નહીં. સાધુ શબ્દ આખા જીવન સાથે સંકળાયેલો છે. તમે કર્મ પ્રોફેસરનું કરતા હો, તો પણ સાધુ હોઈ શકો. સજ્જન હોઈ શકો.

**પ્રશ્ન :** કેટલાક સાધુઓ લોકોને મળતા નથી, એ યોગ્ય છે?

પૂ. શ્રી : જુઓ, એ વાત ઈશ્વરાધીન છે. શક્તિના હાથમાં છે. મારે પરદેશ જવાનું બને છે, તે શું હું જાતે જાઉં છું? ઈશ્વરની ઇચ્છા પ્રમાણે જ બને છે, મારે ઘણુંયે જવું છે પણ ઈશ્વરની ઇચ્છા નથી. એટલે કોને ક્યાં રાખવા તે ઈશ્વરના હાથમાં છે. આપણા જ હાથમાં હોય તો આપણે જઈએ ને!

પણ જવાનું અટક્યું તો અટકાવનાર કોણ છે? કોઈ શક્તિ છે. એ શક્તિ સુખદુઃખ આપે છે.

પ્રશ્ન : હવે મારે ચાર વરસ જ છે. પછી સાધના બરાબર ચાલશે. જો કે સાધના કરવા પાછળ રોટલાની ચિંતા નથી.

પૂ. શ્રી : અરે ભાઈ, તમને ક્યાંથી ચિંતા હોય! અમને જ ચિંતા નથી, તો તમને તો હોય જ ક્યાંથી? તમારે તો બાંધી આવક; વધારો થાય પણ ઘટાડો તો થાય જ નહીંને. જ્યારે અમારે તો કોઈ જ બાંધી આવક નથી, છતાં ચાલે છે. ખાઈએ છીએ, વાપરીએ છીએ. અરે, કોઈને આપીએ પણ છીએ. છતાં આનંદ, આનંદ.

પરદેશ જઈ આવ્યા. અમારી પાછળ કોઈ પ્રેસ, કોઈ શેઠ, કે કોઈ જાહેરાત ન હતી. છતાં સારી રીતે જઈને આવ્યા. એ જ બતાવે છે કે પ્રભુ કહે છે "હું તમારી સાથે છું."

ગઠીયાનું સારી રીતે (જીવન) ચાલે તો આપણું કેમ ન ચાલે?

ભગવાન બતાવે છે : ન મે ભક્ત પ્રણશ્યતિ. પ્રભુ કસોટી કરે, એની ઇચ્છાની વાત છે. પણ વળી કસોટી કરે, તો કૃપા પણ કરે.

અમેરિકામાં પણ એક એવાને પ્રભુએ ઊભા કર્યા જેણે મારા ટિકિટના પૈસાની જ ચિંતા થવા લાગી. પ્રભુની લીલા અનંત છે. પણ માનવને વિશ્વાસ આવતો નથી.



પ્રશ્ન : 'ભારત' એ શબ્દમાં 'ભા' એટલે પ્રકાશ અને 'રત' એટલે શોધવામાં રત એવો અર્થ થઈ શકે.

પૂ. શ્રી : ના. ભારત સંબોધન છે. ભારતમાં રત એ નામ નથી.

પ્રશ્ન : તુલસીદાસે સગુણ–નિર્ગુણનો સમન્વય કર્યો જેથી સમન્વયકારી લોકનાયક તરીકે તેમને પશ્ચિમના વિદ્વાનો ગણે છે.

પૂ. શ્રી : લોકનાયક આદ્યશંકરાચાર્ય વળી સમન્વયકારી સંદેશના મહાન લોકનાયક શ્રીકૃષ્ણ, શ્રીવ્યાસ, વાલ્મિકી, શ્રીરામ-દાસ ગણી શકાય. હા, તુલસીદાસ સમન્વયકારી સંત કે કવિ ગણી શકાય.

આપણી સંસ્કૃતિ જ સમન્વયકારિણી છે, ને જુઓને, સૂર્ય, હનુમાન, ગણપતિ, અંબા, શિવ–એ પંચાયતન દેવોની પૂજા સંયુક્ત કુટુંબ–માતાપિતા, પુત્ર, પુત્રી, બેન વિગેરેનો સમન્વય. વળી આપણા ભોજનમાં પણ સમન્વય દાળ, ભાત, શાક, ચટણી, પાપડ વગેરેનો એમ સંસ્કૃતિ જ સમન્વયકારિણી છે.

સમય થતાં સૌ પ્રણામ કરી વિદાય લે છે. આજે શ્રી ભટ્ટ-સાહેબ પોતાની અંગત સાધના અંગે પૂ. શ્રી પાસે ખાસ વીસ–પચીસ મિનિટ માર્ગદર્શન માંગે છે.

ત્યારબાદ પૂ. શ્રી થોડો આરામ કરે છે. પાંચ વાગે પૂ. શ્રી થોડો આઈસક્રીમ લે છે. ત્યારબાદ ફરી એક કલાક લેખન કરે છે. સર્વેશ્વરી જપ કરે છે.

છ વાગે મુંબઈથી શ્રી બાબુભાઈ મહેતા પૂ. શ્રીને અચાનક મળવા આવે છે. તે ભાઈ ખૂબ ભાવિક છે. તે પૂ. શ્રીને કહે છે : "હું માતાજીની ઉપાસના કરું છું. મારી ને માતાજી વચ્ચે તમે જ

માધ્યમ છે. તમારા ચરણોનો સ્પર્શ કરી જગદંબાના જ દર્શન કરું છું."

તે ભાઈને પીવાનું પાણી આપવામાં આવે છે. તો તે પૂ. શ્રીને વિનંતિ કરે છે. પોતાના પાણીના ગ્લાસને સ્પર્શ કરી પ્રસાદ કરવાની કેવી ભાવના છે! પૂ. શ્રી ગ્લાસને સ્પર્શ કરી આપે છે.

પ્રવચનમાં પણ તે ભાઇ સાથે જ આવે છે. આજે પ્રવચન બાદ કપૂરાની બે વ્યક્તિઓ મળે છે.

પ્રવચન બાદ દૂધ ને કેરી લઇ પૂ. શ્રી તથા સર્વેશ્વરી ધ્યાનમાં બેસે છે.

ધ્યાનમાંથી ઊઠયા બાદ લગભગ સાડા દસે રાત્રે ડાયરીનું કાર્ય (નોંધનું) પૂર્ણ રીતે થાય છે.

ત્યારબાદ આરામ. હરિઃ ૐ

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૬૬૮૨૩૧



# જન્મ જયંતીની ઉજવણી

તંત્રી

ભાવનગરમાં તા. ૧૫–૮–૯૫ ના રોજ સત્સંગીઓ અને સાધકોની હાજરીમાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના પંચોતેરમા જન્મદિનની ઉજવણી શ્રી નારાયણભાઇ જાનીના સ્થાનમાં કરવામાં આવી. આ પ્રસંગે જાણીતા ભાગવતાચાર્ય શ્રી જનાર્દન-ભાઇ દવેએ ઉપસ્થિત રહી–પૂ. શ્રીને ભાવાંજલિ આપતો મનનીય વાર્તાલાપ આપ્યો હતો.

તેઓએ જણાવ્યું કે અમોને જીવનમાં કેટલાક સંત–મહાત્મા-ઓ મળ્યા, તેમાં પાંચેક જેટલા મહાપુરુષોએ અમારા હૃદયમાં આદરણીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી એક છે. એથી જ જ્યારે જ્યારે કોઇ અવસર પ્રાપ્ત થાય, ત્યારે ત્યારે તે મહાપુરુષને અંજલિ ધરવાનું અમને મન થઇ જાય છે.

પોતાને પૂ. શ્રીની નમ્રતા ખૂબ ગમતી. તેઓએ કદી પણ પોતાને ઈશ્વર સ્વરૂપે પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો નથી. તેઓ હંમેશાં બીજાઓને માન આપતા. એથી જ અમારા પ્રત્યે સારો ભાવ બતાવતા. પછી ભક્તો ને સાધકો પોતાનો ભાવ વ્યક્ત કરવા ભલે ગમે તે ભાવથી તેઓને સંબોધતા, વિષ્ણુસહસ્રસ્તોત્રમાં ભગવાનનાં હજાર નામોમાં અમાની, માનદો માન્યઃ આવે છે. તેમનું જીવંત ઉદાહરણ પૂ. મહાત્માજી હતા. પરંતુ તેઓ તો સદા અમાની અને નમ્રજ રહ્યા. વળી તેમની સાદાઇ અને વિચરણ સદા મહાપ્રભુ વલ્લભાચાર્યની યાદ અપાવતી. સફેદ ધોતી અને

અંગ ઉપર બીજું સફેદ ઉપરાણું ધારણ કરી એ મહાપુરુષે ભારતમાં અને પરદેશોમાં ધર્મની સાચી સમજ આપવા વિચરણ કર્યું. કોઈ ઠઠારો નહિ કે શિષ્ય સમુદાયોનું પાછળ ફરતું ટોળું નહિ. તેઓશ્રી સંપૂર્ણ અપેક્ષારહિત. પૂ. માની છેલ્લી ડાયરીમાં કેરીઓ વિષેનો પ્રસંગ તેના પ્રત્યક્ષ પૂરાવારૂપ છે. જગદંબાની ઈચ્છા હશે તો આવી મીઠી કેરીઓ કોઈને પ્રેરણા કરીને તે પહોંચાડશે. તે માટે પ્રયત્ન કરવાની જરૂર નહિ. કેવી જગન્માતા પ્રત્યેની શરણાગતિ!

વિશેષમાં તેઓ સૈદ્ધાંતિક બાબતોમાં કોઈ બાંધછોડ નહિ કરનાર અને સંપૂર્ણ નિરભીક મહાપુરુષ. કદી કોઈ દબાવને વશ ન થવાનો તેઓશ્રીનો સ્વભાવ આપણા દિલમાં આદર ઉત્પન્ન કરી જાય તેવો હતો. પદ, પ્રતિષ્ઠા કે પૈસાની તેમને કંઈ પડી ન હતી. તેઓ સામાન્ય માનવના પ્રતિનિધિસમા સંત હતા.

તેઓશ્રીની પાસે બેસો એટલે સહજશાન્તિ શું એનો અનુભવ થાય. તમારા બધા જ સંકલ્પ–વિકલ્પો શમી જાય. ઘણી વાર તમારા મનમાં ઊઠતા પ્રશ્નોનો જવાબ રૂબરૂમાં કે પ્રવચનોમાં આપોઆપ મળી જાય. આવું અમે ઘણીવાર તેઓશ્રીના સાન્નિધ્યમાં અનુભવ્યું છે.

વળી તેઓની વાણી તો અદ્દ્ભુત. ભારતીય સંસ્કૃતિના આધારસ્થંભ સમા ગમે તે ગ્રંથ ઉપર બોલતા હોય. પછી ભલે તે ગીતા હોય, રામાયણ હોય, પાતંજલયોગદર્શન હોય કે શ્રીમદ્દ ભાગવત્, પરંતુ તેઓશ્રીની વાણીનો પ્રવાહ–ગંગોત્રીના પ્રવાહ જેવો, એકધારો જ રહેતો. શ્રોતાઓ તે સાંભળતા સમયનું ભાન ભૂલી જતા. જાણે કે શાસ્ત્ર તેઓશ્રીની વાણીમાં જીવંત બની જતું. આવો હતો તેઓશ્રીની વાણીનો પ્રભાવ.



કોઈ સરસ સંગીત સાંભળો તો તેની અસર બેચાર કલાક રહે, પરંતુ પૂ. યોગેશ્વરજીની વાણીની અસર દીર્ઘકાળપર્યંત હૃદયમાં અનુભવાતી રહે, કારણ કે એ પરાવાણી. તેમાં અર્થને વાણીની પાછળ દોડવું પડે–એ કોઈ ગોઠવેલી કે ગોખી કાઢેલી વાણી નહિ. તેથીજ એની અસર સાંભળનારના જીવન ઉપર થાય.

શ્રી નારાયણભાઈ જાનીએ આદરણીય શ્રી જનાર્દનભાઈ દવેનો પરિચય આપતાં કહ્યું કે તેઓ એક અચ્છા શાસ્ત્રજ્ઞ છે, મા સરસ્વતીની તેમના ઉપર કૃપા છે. એટલે જીવનના સંદર્ભમાં વિવિધ ધર્મોની રાય શું હોઈ શકે તે સરસ રીતે સમજાવનાર એક સાધક પ્રવક્તા છે.

**અંદરનો ત્યાગ**

સંસારના બધા જ પદાર્થો ને વિષયોમાંથી આસક્તિનો ત્યાગ કરીને ઈશ્વરનાં ચરણોમાં રાગ કરવો, બધા જ પ્રકારની ચિંતા મૂકી દેવી, અને ઈશ્વરના હાથમાં હથિયાર બનીને સંસારની ફરજો બજાવવી, કર્મ કરવાં પણ કર્મનાં જે ફળ મળે તેની સારી માઠી અસરોથી મુક્ત રહેવું–તે જ ખરો અંદરનો ત્યાગ છે. **યોગેશ્વરજી**

*** જયંતીલાલ મોહનલાલ દઢાણીયા ***
**ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,**
એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.
જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)
ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯
ફેક્ષ : ૦૨૬૩૫૩–૨૫૫૯

# ઈશ્વર–સાન્નિધ્યની સાધના

યશસ્વીભાઈ મહેતા

## બ્રધર લોરેન્સ

પ્રસ્તાવના:—આપણને જે પુસ્તક ઉચ્ચ પ્રેરણા આપે તે વાંચ્યા પછી બીજાને તે વંચાવવાનું કે તેનો સાર આપણા મિત્રોને કહેવાનું સ્વાભાવિક રીતે મન થાય છે. તેમ કરવાથી આપણે આપણા આનંદમાં વૃદ્ધિ કરીએ છીએ. આપણને જે ખજાનો અનાયાસે એકાએક મળી ગયો તેમાંથી બીજાને હિસ્સો આપવાને તેમને તે લેવાના આગ્રહ કરીએ છીએ.

"ઈશ્વર સાન્નિધ્યની સાધના" મૂળ ફ્રેન્ચ ભાષામાં પ્રકાશિત થયું ને તે પછી તેનું અંગ્રેજી ભાષાંતર કરવામાં આવેલું. તેને અહીં ગુજરાતી વાઙ્મયનો દેહ (અનુવાદ) આ લેખોની શ્રેણીદ્વારા મળી રહ્યો છે. મૂળ લેખક ખ્રિસ્તી છે ને ભાષાંતરકાર ભારતીય છે પરંતુ પરમસત્ય એ તો બધા વિશ્વધર્મોની ખોજ છે; બધા આખરે તો (અંતતોગત્વા) તેને જ પ્રબોધે છે ને તેને જ પામે છે. એટલે વાંચનાર ગમે તે ધર્મમાર્ગનો યાત્રિક હોય, આ ભાષાંતર તેની ઈશ્વર—સાધનામાં અવશ્ય ઉપકારક ને ઉપયોગી સિદ્ધ થશે. બાઈબલમાં (૨ કીંગ્સ ૭ : ૯) કથા છે કે સમરીયામાં દુકાળ પડયો ત્યારે સીરીયન છાવણીમાંથી મળી આવેલ ઢગલાબંધ અનાજની માહિતી આપવા રક્તપિત્તથી પીડાતા દર્દીઓ ગયા હતા.

સમગ્ર વિશ્વમાં જડ—ચેતન પદાર્થોનું અનંત વૈવિધ્ય નજરે પડે છે તેમ વિશ્વધર્મોના વૈવિધ્ય તેમ જ તેની અનેકવિધ



ઉપાસના પદ્ધતિઓનો ય પાર નથી. તેમને પ્રબોધનારા અસંખ્ય ધર્માચાર્યો દરેક વિશ્વ—ધર્મ—સંસ્થાએ આપણને આપ્યા છે. ધર્મ-ગ્રંથોની સંખ્યાનો ય પાર નથી તો પછી આ એક વધુ નાનકડા પ્રકાશનની જરૂર ખરી? એવો પ્રશ્ન થાય છે. તેના જવાબમાં એટલું જ કહેવાનું કે આના લેખક એક બિલકુલ અભણ કહેવાય તેવા હતા. તેના આલેખો એ તેમના પોતાના અનુભવો કે સાક્ષાત્કારનું જ નિરૂપણ કરે છે. તેમાં કોઈ પાંડિત્યનો અંશ નથી. એટલે સામાન્યમાં સામાન્ય એવા સાદા અભણ માણસને ય તે સહેલાઈથી સમજાય તેવા છે, બ્રધર લોરેન્સ એક સિદ્ધ કોટિના મહાપુરુષ હતા.

કેટલાંક પુસ્તકો બીજાની નકલ જેવાં લાગે છે અથવા પુસ્તકો વાંચીને તેમની ઉપરથી બીજાં પુસ્તકો તૈયાર કરનાર પણ હોય છે. વાંચકોને મૌલિક આ લેખોમાં વધુ રસ પડે છે, પછી ભલે તે ભાષાકીય કે પાંડિત્યના ધોરણમાં પરિપૂર્ણ ન હોય. આ નાનકડું પુસ્તક તે રીતે એકદમ સરલ છે. એક મહાન લેખકની કલમ જેવી તેમની કલમ નથી, પરંતુ તેઓ આ અભાવનો બદલો તેમની ભાષાની સરલતા અને તેમના પોતાના જાત અનુભવોના બળથી વાળી દે છે. આ પત્રો તથા લખાણ લોરેનના નિકોલાસ હરમનાં લખેલા છે. તેઓ સામાન્ય કક્ષાના અભણ મનુષ્ય હતા. આજીવન તેમણે યુદ્ધભૂમિમાં એક અદના સૈનિક તરીકે કામ કર્યું હતું. અને ૧૬૬૬ માં પેરિસમાં ઉઘાડા પગવાળા કારમેલાઈટ ખ્રિસ્તી પંથમાં 'લે—બ્રધર' સર્વ સાધારણ સભ્ય તરીકે ૧૮ વર્ષની વયે દાખલ થયા હતા. અને ત્યાર પછી લાંબે ગાળે બ્રધર લોરેન્સ-ના નામે ખ્યાતિ પામ્યા હતા.

એમ કહેવાય છે કે યુદ્ધમાં તેમનો પગ કપાયા પછી તે બેકાર બની ગયા હતા અને તેમણે જે કામ કદી ય કર્યું ન હતું તે રસોઇનું કામ શિખી લેવાની ખાત્રી આપ્યા પછી તેમને કારમેલાઇટ પંથના ખ્રિસ્તી સાધુઓના અરણ્ય પ્રદેશમાં આવેલી ટેકરી ઉપરના મઠમાં નોકરી મળી હતી. મઠના રસોડામાંથી એક વખત શિયાળાની ઋતુમાં ચારે બાજુ બરફનું રણ વેરાન ભીષણ ઉજ્જડતા વ્યાપક બનાવતું, હૃદયમાં યાતનાપૂર્ણ વિષાદ ઉત્પન્ન કરતું હતું. તે ક્ષણ તેમના જીવનને આધ્યાત્મિક દિશામાં વળાંક આપનાર બની હતી. આવાં દૃશ્યો ભાગ્યે જ કોઇના મન ઉપર આવી અસર કરે છે કેમ કે તે તો વરસોવરસ દેખાતાં સર્વસામાન્ય દૃશ્યોથી વધુ કંઇ હોતાં નથી. પ્રકૃતિમાં પ્રકટ થતી રોજિંદી આવી અનેક ચમત્કૃતિઓ સામાન્ય માનવીના મન ઉપર ભાગ્યે જ કોઇ પ્રભાવ પાડતી હોય છે. આવા જ એક દૃશ્યને જોઇ નિકોલાસને પ્રથમ ઈશ્વરના સાન્નિધ્યનો અનુભવ થયો, ને ઈશ્વરની આ ઝાંખી ઉત્તરોત્તર વધુ ને વધુ સ્પષ્ટ થતી ગઇ તેમ તેમ તેમનું રૂપાંતર બ્રધર લોરેન્સ તરીકે થયું ને ત્યાર પછીની જીવનની એક એક ક્ષણ તેઓએ ઈશ્વરના સાન્નિધ્યનો ધન્ય અનુભવ કરતાં કરતાં એંશી વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવ્યું હતું; અને તે દરમ્યાન અનેક સંસાર–સંતપ્ત મનુષ્યોના જીવનમાં ઈશ્વર–સાન્નિધ્યનું અમી પીરસ્યું હતું.

તેમના પત્રોની અંદર રહેલી દૈવી સત્તાને લઇને જ તેમના આ પત્રો વિસ્મૃતિની ગર્તામાંથી નાશ પામતા બચી ગયા હતા. આ પત્રોની સાથે જે સંવાદો જોડવામાં આવ્યા છે તે એમ. ડી. એલોન્સ ભૂતપૂર્વ કાર્ડીનલ ડી નોએઇલીસના ગ્રાન્ડ વિકાર (ધર્મગુરુ) એમ–બ્યુફોર્ટે લખેલા છે.



## પ્રથમ સંવાદ

૩ ઓગસ્ટ ૧૬૬૬ માં બ્રધર લોરેન્સ સાથે મારી પ્રથમ મુલાકાત થઇ તેમણે કહ્યું : "મારી ૧૮ વર્ષની ઉમરે ધર્મક્ષેત્રમાં મને આવકારીને મારી ઉપર બેહદ કૃપા કરી હતી.

"એક શિયાળાના દિવસે ચારે બાજુ વિસ્તરેલા બરફના રણ વચ્ચે એક ઝાડના ઠૂંઠાને એક પણ પાન વિનાનું જોઇ મારું મન વિષાદ ને ઉદાસીનતાથી ભરાય ગયું. બીજી ક્ષણે મનમાં જાણે કે વિજળીનો ઝબકારો થયો ને આ જ વૃક્ષ ઋતુ બદલાતાં પુનઃ નવપલ્લવિત થઇ જશે, નવાં પાન, ફૂલ ને ફળ પણ આવશે. તે ખ્યાલ આવતાં ઈશ્વરની લીલા, ઈશ્વરની શક્તિ, ઈશ્વરની સત્તાનું મને દર્શન થયું, જે ચિત્તમાંથી કદી ભૂંસાવા પામ્યું નથી."

"આ દર્શન થતાં જ મારું મન આ સ્થૂળ જગત, સ્થૂળ શરીરથી છૂટું પડી ગયું અને મારામાં અસ્ખલિત ભગવદ્ પ્રેમની જ્યોત પ્રકટી. તેનો પ્રકાશ તે પછી ચાલીશ વર્ષ જીવનનાં વહી ગયાં છતાં, તે એક સરખી પ્રજ્વલિત રહી છે."

"કોષાધ્યક્ષ એમ. ફ્યુબર્ટની બગીની પાછળ છડીદાર સેવક તરીકે ઊભા રહેવાની મેં કામગીરી બજાવી હતી. પરંતુ તે કામ કરતાં કરતાં મારા હાથે અનેક ભૂલો થતી હતી. મારો આવો વિચિત્ર સ્વભાવ કોઇ ખ્રિસ્તી મઠમાં જ નભી શકશે તેવું માની લઇને તેમાં પ્રવેશ મેળવ્યા પછી જીવનના બધાં સુખોનું બલિદાન ઈશ્વરને ચરણે ધરી દઇશ તેવો સંકલ્પ કર્યો હતો. પરંતુ ઈશ્વરે આમાં મને નાસીપાસ કર્યો હતો. કેમ કે તે દશામાં ય મને પૂર્ણ સુખ–સંતોષ પ્રાપ્ત થયાં ન હતાં."

"ઈશ્વરના સાન્નિધ્યનો અનુભવ કરવાની શરૂઆત મેં તેની

સાથે સતત સંવાદ કરવાનું ચાલુ રાખીને, કરી હતી. સંસારની ક્ષુલ્લક ને નિરર્થક બાબતોથી મન ખરાબ કરીને આ સંવાદમાં ખલેલ પાડવી કે તે છોડી દેવા જેવું શરમજનક ને મૂર્ખાઈભરેલું બીજું કંઈ જ નથી, એમ મને લાગ્યું હતું."

"ઈશ્વરની ગુણલીલા અને વાણીનું સ્મરણ કરીને મનને પવિત્ર બનાવવાથી ઉત્તમ આનંદ મને મળતો હતો. આપણે આપણી શ્રદ્ધાને જીવંત બનાવવી ઘટે છે. આપણામાં આ શ્રદ્ધાની ઘણી કમી છે, તે ખૂબ શોચનીય છે. માણસો શ્રદ્ધા ને સદાચારના નિયમ તરીકે સ્વીકારવાને બદલે તેમનો સમય ક્ષુલ્લક કર્મકાંડોમાં વેડફે છે અને તેમાં સુખ માને છે, પરંતુ આ કર્મકાંડો તો નિત્ય બદલાતા રહે છે. શ્રદ્ધાનો પંથ એ તો ધર્મનો પાયો છે. અને માણસને તે ઉચ્ચ કક્ષાની પૂર્ણતાના શિખરે પહોંચાડે છે.

લૌકિક સુખ કે અલૌકિક આનંદ બંને ઈશ્વરકૃપાથી જ આપણને મળે છે. જે કંઈ મળે તેમાં ઈશ્વરની ઇચ્છા જ જોવી ઘટે. પછી ભલે ને તે આપણને પીડાદાયક હોય કે સુખકારક. ઈશ્વરની શરણાગતિ સ્વીકારી હોય તેને મન બંને એક સમાન વરદાન છે. ઈશ્વર ભક્તના પ્રેમની કસોટી કરવા વિવિધ પદ્ધતિઓ પ્રયોજે છે. ઈશ્વરની પૂર્ણ શરણાગતિમાં ક્યાંય પણ કચાશ તે દૂર કરવા આપણે બધી પરિસ્થિતિઓનો સાધન તરીકે અસરકારક ઉપયોગ કરવાની આવી એક પણ તક જતી કરવી ન જોઈએ. આ આત્મસમર્પણનો ભાવ પૂર્ણ બનાવે છે.

દુનિયામાં પાર વિનાનાં દુઃખો ને પાપો જોઈને મને ભાગ્યે જ આશ્ચર્ય થાય છે. ઊલટું, મને વિસ્મય તે વાતનું છે કે આનાથી વધુ કેમ થતાં નથી! કારણ માણસના મનમાં જે ઝેર છે, તે



અમાપ છે. હું તો કેવળ તેમને સદ્‌બુદ્ધિ આપવા પ્રભુને પ્રાર્થના કરું છું; કારણ તે એક જ તેમની વિકૃતિઓ તેની ઇચ્છા થાય ત્યારે દૂર કરવા સમર્થ છે. બાકી કોઈ પણ માણસનું તે ગજું નથી. આમ સમજી મારા મનને તે અંગે હું કોઈ કષ્ટ આપતો નથી.

આધ્યાત્મિક સાધના કે દુન્યવી વ્યવહારોમાં ચિત્તની માનવ સહજ દુર્બળતાઓ ને વૃત્તિઓ ઉત્પન્ન થાય છે, તેમાં ભળી જાય છે. તેનાથી ભયભીત થવાને બદલે તે દૂર કરવા ઈશ્વરને જ પ્રાર્થના કરવાથી તેનું નિવારણ કરવાની સદ્‌બુદ્ધિ તે અચૂક આપે છે, તેવો મારો જાત અનુભવ છે. આવી બાબતમાં આપણો એકાકી પુરુષાર્થ કામ લાગતો નથી. ઈશ્વરની પ્રત્યે મારો પ્રેમ ક્ષણે ક્ષણે વધારવામાં આ રીતે દુનિયામાં જે કાંઈ સારું—નરસું બને છે તે મને મદદરૂપ થાય છે. જો તમે (મુલાકાત લેનાર) ય ઈશ્વરપ્રેમ કેળવવા ને પ્રભુસેવા કરવા ઝંખતા હો તો મને કષ્ટ થશે તેવી કોઈ પણ ચિંતા કર્યા વિના, તમે મારી પાસે ગમે ત્યારે ને ગમે તે સમયે, જરૂર આવી શકો છો. મારાં બારણાં તમારા માટે સદા ઊઘાડાં છે. (ક્રમશઃ)

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ. ગુ.) ૩૮૫૧૧૦

## * ઉપાલંભ–યાચના *

સન્ત તારવા, પાપી મારવા,
કરવા ધર્મતણો ઉદ્ધાર;
યુગે યુગે અવતરવા કાજે
રોશન કીધો ત્હેં નિર્ધાર.

અવતરવાની પળ ના પાકી?
કે વિસ્મૃતિ વિશ્વાધાર?
તુંજ વિણ વિશ્વે કો આધાર?

દશ અવતાર ધર્યાનાં વિધ વિધ
કારણ અવતારે અવતારે,
દશ–વિધ કારણ એક–સામટાં
વિદ્યમાન આજે સંસારે.

દાનવતા–દાવાનલ પ્રજળે!
સૂકા ભેગું લીલુંય બાળે
ખુલ્લી આંખે રજ ના ભાળે?

વ્યષ્ટિ વ્યષ્ટિ વ્યથા કેટલી?
પારાવાર પીડા નાં છલકે!
દેશદેશ દાવાનલ ધધખે
કંસ–જરાસંધ મ્હાલે ખલકે!

નત મસ્તક સાધુજન સ્હેતા
દુરિજનનાં મુખડાં મલકે
પ્રભુ! પેખે તું પલકે પલકે!



ના નખ, દન્ત, ધનુષ, સુદર્શન,
શસ્ત્ર–અસ્ત્રની ચાલે યારી!
આણ આણવિક શસ્ત્રો કેરી
વિકસિત દેશોની બલિહારી!

મૂર્ખામીની શી મૌલિકતા!
આત્મઘાતની શી લાચારી!
અવતર અભિનવ શક્તિધારી!
હે કૃષ્ણ–મુરારિ!

— ડૉ. રણજિત પટેલ (અનામી)

બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS : 10001

ઓ. : ૨૩૫૯૮
૩૪૦૧૬
ફે. : ૮૨૪૩૭
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૨

## * સુકાન સંભાળો *

(રાગ : દેખ બિચારી બકરી)

હોડી મારી હુંજ ચલાવીશ,
એવી હૈયે હુંફ હતી.
જીવન સાગરમાં દિશા બાંધી,
હોડી મારી હંકારી. હોડી૦ ૧
સાધના કેરી સિદ્ધિએ જાતાં,
કિનારો મારો દૂર ગયો.
હલેશાં મારી મારીને,
પ્રભુ!! હવે હું થાકી ગયો. હોડી૦ ૨
હિમ્મત મારી હારી ગયોને,
પૂરે પૂરો હું પસ્તાયો.
પ્રભુ!! ગર્વ મારો ગળી ગયોને,
સુકાન મારું સંભાળો. હોડી૦ ૩

— દુર્લભજી ભક્ત (સ્યાદલા)


**વિવિધ રોગોના યોગિક ઉપચાર માટે**
**યોગશિબિરના આયોજન માટે**
**ડૉ. હિમાંશુ પાઠક**
**શ્રી હેમાની પાઠક**
*** યોગ એન્ડ ટોટલ હેલ્થ સેન્ટર ***
ડૉ. મનસુખલાલ ટાવર, અઠવાલાઈન્સ, સુરત.
ફોન : ૬૪૯૯૬૪/૬૪૬૨૨૯ ઘર : ૬૮૫૨૮૩




## * જય હો ! *

(રાગ : ભૈરવી)

જય જય સર્વેશ્વરી મા,
જય હો, જય હો, જય હો!
તું દુર્ગા ને તું મહાકાળી,
તું જગદમ્બા મા!
જય હો, જય હો...

અસુર હર અમ સર્વ નિરંતર,
સુમિરન ઝંકૃત કર સહુ અંતર!
મહિસાસુર મર્દિની તું પ્રસન્ન
પરમેશ્વરી જનની!
જય હો, જય હો...

અંગ અનંગ નિકંદન કર નિત,
કર પ્રવાહિત શુચિ સુખ સંતત,
ઉર ઉજ્જ્વલ કર અમ સકલ તું,
કરુણેશ્વરી જનની!
જય હો, જય હો...

— પરમાર્થી

### સર્વમાં પ્રભુ રામનું દર્શન કરનાર એક વીરલ સંત

# સ્વામી શ્રી રામદાસ

સંકલન : રામભક્ત

આ સદીમાં ભારતમાં થયેલા સુપ્રસિદ્ધ સંતોમાં દક્ષિણ ભારતના સ્વામી શ્રી રામદાસજીની ગણના પણ કરી શકાય. તેઓશ્રીનો જન્મ દક્ષિણ કાનડા જિલ્લામાં કાસરગોડ તાલુકામાં આવેલ હોસદ્રુગ ગામમાં સંવત ૧૯૪૦ ના ચૈત્ર સુદ પૂનમના દિવસે એટલે હનુમાનજયંતિના દિને થયો હતો. સને ૧૮૮૪.

માતાનું નામ લલિતાદેવી અને પિતાનું નામ બાલકૃષ્ણ રાવ. તેઓનું સાંસારિક નામ વિઠ્ઠલરાવ રાખવામાં આવેલું. આ પરિવાર ભગવાન રામમાં અચળ શ્રદ્ધાભક્તિ ધરાવતો એટલે વિઠ્ઠલરાવનો ઉછેર ભક્તિમય વાતાવરણમાં થતો રહ્યો. તેઓ નાનપણથી જ નિર્ભય, સાહસિક અને આનંદી સ્વભાવના હતા.

તેઓએ પ્રાથમિક શિક્ષણ પોતાના ગામમાં લીધું હતું, જ્યારે માધ્યમિક શિક્ષણ લેવા તેઓને મેંગ્લોર જવું પડયું હતું. તે પછી ઉચ્ચ શિક્ષણ મદ્રાસમાં લઇ તેઓ મુંબઇના વિક્ટોરિયા ટેકનિકલ ઇન્સ્ટીટયુટમાં દાખલ થયા હતા અને સ્પિનિંગ અને વીવિંગનો કોર્સ કર્યો હતો.

સને ૧૯૦૮ માં તેઓનું લગ્ન રુક્માબાઇ સાથે થયું હતું. તેમના ૨૨ વર્ષના ગૃહસ્થાશ્રમ દરમ્યાન તેઓને એક પુત્રી થઇ હતી. ૧૯૩૧ માં રુક્માબાઇનું અવસાન થતાં, સાંસારિક બંધન શિથિલ થઇ ગયું. પરિણામે પરમાર્થમાં લાગી રહેતા તેમના મનને સહજરીતે ઉપરામતા પ્રાપ્ત થઇ.



ગૃહસ્થાશ્રમ દરમ્યાન તેઓએ આજીવિકા અર્થે અનેક સ્થળો-એ વસવાટ કર્યો હતો, જેમાં મદ્રાસ, ત્રાવણકોર, ગડગ, ગુલબર્ગ, કોઇમ્બતુર, અમદાવાદ અને નડિયાદનો સમાવેશ થતો હતો. તે પછી તેઓએ મેંગલોરમાં પોતાનું સ્વતંત્ર કારખાનું સ્થાપ્યું, પરંતુ ધીરે ધીરે પૂર્વના સંસ્કારોને લીધે તેમનું મન સાંસારિક વ્યવહારો-માંથી ઉપરામ થતું ગયું. તેમનામાં સ્વામી રામતીર્થનાં પુસ્તકોના વાંચનથી વૈરાગ્યની ભાવના પ્રબળ બની અને જ્ઞાનેશ્વરી ગીતાના વાંચને તેમને જીવનનું ધ્યેય સ્પષ્ટ કરી આપ્યું. આમ છતાં એકાદ વર્ષ તેઓએ રાગ અને ત્યાગ વચ્ચેના માનસિક સંઘર્ષમાં વીતાવ્યું. એમનું હૃદય શાંતિ ઝંખતું હતું, ત્યારે તેઓને અંદરથી જ પ્રેરણા મળી. હવે તેઓ રામનામનો જપ અને ધ્યાન કરવા માંડયા. તેથી તેમને શાન્તિ અને આનંદનો અનુભવ થવા લાગ્યો.

ધીમે ધીમે જપ અને ધ્યાન પાછળ વધુ સમય ગાળવા લાગ્યા. ઊંઘ ઓછી કરી નાંખી. ભોજન સાદુ અને એક જ વખત લેવા લાગ્યા. પછી માત્ર દૂધ, કેળાં કે ફળાહાર જ લેવાનું રાખ્યું. એક દિવસ ભગવાનની પ્રેરણાથી તેમના પિતાએ તેમને મંત્ર આપ્યો. "શ્રીરામ જય રામ જય જય રામ." તે પછી જણાવ્યું કે "જો આ મંત્રનો તું સતત જપ કરીશ તો ભગવાન તને શાશ્વત સુખ આપશે." તે દિવસથી તેઓએ પોતાના પિતાને ગુરુ તરીકે સ્વીકાર્યા, અને માત્ર ભગવાન રામ જ સત્ય છે અને રામ સિવાય સર્વ કાંઇ અસત્ય છે. પરિણામે મમત્વની ભાવના શિથિલ થવા લાગી. તેથી તેઓ સતત રામનો જપ કરવા લાગ્યા અને સર્વસ્વ છોડીને એક રામની જ દયા પર પૂર્ણ રીતે નિર્ભય બની ગયા.

તેઓ પોતાનો સર્વ અહંકાર બાળી ભગવાન રામને શરણે ગયા. આમ સર્વસ્વ ચોડીને સાધુવેષે પ્રભુની શોધમાં નીકળી

પડયા. આ શોધ દરમ્યાન પ્રભુ રામની કૃપાના તેમને જે અદ્‌ભુત અનુભવો થયા તે જોઈએઃ–

એક દિવસ રામદાસે તિરુવણ્ણામલૈ છોડયું અને તેમને માટે રામે તૈયાર જ રાખેલા નવા સાધુરામના સાથમાં તિરુપતિ પહોંચ્યા. તિરુપતિ રાત્રે પહોંચ્યા અને રાત ખુલ્લામાં ગાળવાની આવી. ઠંડી ભયંકર હતી. એમાં ઊંઘ તો શી રીતે આવે? સાધુરામ આથી અકળાયા, પણ રામદાસે માન્યું કે આ તો ઊંઘ્યા વગર સતત ભજન થઈ શકે તે માટે રામે કરેલી વ્યવસ્થા છે.

તિરુપતિથી જગન્નાથ તરફ જતી ગાડીમાં રામદાસ બેઠા, પણ એક નાના સ્ટેશને ટિકિટચેકરે તેમને ઉતારી મૂક્યા. બીજે દિવસે એ જ સમયે એ જ ગાડીમાં બેસવાનો પ્રયત્ન કર્યો, પણ સ્ટેશન માસ્તર અને ટિકિટ ક્લાર્કે તેમને બેસતા રોક્યા. રામદાસ શાંત રહ્યા. ગાડી ઊપડવાને હજી થોડી વાર હતી. એવામાં રેલવે-નો એક સિપાઈ આ સાધુઓ પાસે આવ્યો અને તેમને ગાડીમાં બેસી જવા કહ્યું. સાધુરામે તેને વસ્તુસ્થિતિ સમજાવી. આ સિપાઈ પેલા અમલદારો પાસે ગયો અને સાધુઓની વકીલાત કરી, પણ પેલાઓએ તેનું માન્યું નહીં અને ઉપરથી તેને ધમકાવ્યો, “તારે યાદ રાખવું જોઈએ કે રેલવે પોલીસ તરીકે તારી જે ફરજ છે તેથી તદ્દન વિરુદ્ધ વાત તું કરી રહ્યો છે.”

સિપાઈ કંઈ બોલ્યો નહીં. હવે ગાડી ઊપડવાનો વખત થયો હતો. એકાએક સિપાઈની આંખ ચમકી ને તેમાં નિશ્ચયનું તેજ રમવા લાગ્યું. ઝડપથી તે એક ડબ્બા આગળ ગયો, બારણું ઊઘાડયું અને પેલા સાધુઓને બોલાવી અંદર બેસાડી દીધા તથા બંધ કરેલા બારણા પર બરડો ટેકવી ઊભો રહ્યો. આ જોઈ એક-દમ પેલા બંને અમલદારો ત્યાં દોડતા આવ્યા ને રોષથી સિપાઈને



પૂછયું, “કોની રજાથી આ સાધુઓને તેં બેસાડી દીધા?”

સિપાઈએ કહ્યું, “જુઓ સાહેબ, આવી વાતમાં કોઈની રજા-ની જરૂર નથી. આમાં તો પોતાના અંતરનો અવાજ એટલે ભગ-વાનનો જ હુકમ.”

“યાદ રાખજે કે તારી આ કસૂરનો રિપોર્ટ થશે અને તને ભારે પડશે.”

“ભલે સાહેબ, તમારા રિપોર્ટથી મને નોકરીમાંથી કાઢી મૂકે તોપણ વાંધો નથી.”

સ્ટેશન માસ્તર બિચારો મૂંઝાઈ ગયો અને ત્યાં તો ગાડી ચાલવા લાગી.

રામદાસ આખી ઘટનાને શાંતિથી જોઈ રહ્યા હતા. આ ઘટનાનું શું રહસ્ય તારવવું? એ જ કે જ્યારે રામનો સર્વશક્તિ-માન હાથ કામ કરે છે ત્યારે વિઘ્નમાત્ર નહીંવત્ થઈ જાય છે. જેને કાયદાના રક્ષણ માટે રાખવામાં આવ્યો છે તે પોલીસ જ જાણીબૂઝીને કાયદો તોડી ટિકિટ વગરના બે સાધુઓને બેસાડી દે છે! તે પણ અમલદારોના વિરોધ છતાં અને પોતાની નોકરીના જોખમે! સ્વામીજીની આંખમાંથી આંસુઓ દ્વારા રામ પ્રત્યેનો ભાવ વ્યક્ત થવા લાગ્યો.

### પૂર્વ ભારતમાં

જગન્નાથપુરી પહોંચી જગન્નાથજીનાં દર્શન કરવા ગયા. પણ મંદિરના દરવાજા આગળની યાત્રાળુઓની ભીડ તથા ધક્કા-મુક્કીમાં રામદાસથી જવાય તેમ ન હતું. રામદાસે પ્રાર્થના કરી : “હે રામ! આ ભીડમાં તારા દાસથી તારાં દર્શન કેવી રીતે થશે?” પ્રાર્થના પૂરી પણ ન થઈ ત્યાં દરવાજા આગળના ટોળામાંથી એક

ઊંચો બ્રાહ્મણ બહાર નીકળી આવ્યો અને રામદાસનો હાથ પકડી રસ્તો કરતો અંદર લઇ ગયો. રામદાસનું મન પરમાત્મામાં ડૂબી ગયું હતું અને આ ચમત્કારિક જેવી ઘટનાને સ્વપ્નની જેમ જોતા હતા. પછી રામદાસે તે બ્રાહ્મણને પૂછયું, "ભાઇ, આપે આવી દયા કરી તેનું કારણ શું?" જવાબ મળ્યો, "મહારાજ! આ મેં શા માટે કર્યું તે હું જાણતો નથી. પણ મેં તમને જોયા કે તરત જ તમને અંદર લઇ જગન્નાથજીનાં દર્શન કરાવવાની તીવ્ર ઇચ્છા મારામાં એકાએક જાગી. ભગવાનનું જ એ કામ હોવું જોઇએ."

જગન્નાથપુરીથી રામદાસ સાધુરામ સાથે કલકત્તા જવા રવાના થયા. રસ્તામાં એક નાના સ્ટેશને એક ખ્રિસ્તી ટિકિટ ઇન્સ્પેક્ટરે બંનેને ઉતારી મૂક્યા. રામદાસ અને સાધુરામ નીચે ઊતરી પ્લેટફોર્મ પર ઊભા રહ્યા. ગાડી ઊપડવાને થોડી વાર હતી. ઇન્સ્પેક્ટરે સાધુઓ પાસે આવી પૂછયું, "આવી રીતે મુસાફરી કરવામાં તમારો હેતુ શો છે તે સમજાવશો?"

"ઈશ્વરની શોધ"

"ઈશ્વર તો સર્વત્ર છે એમ કહેવાય છે, તો પછી એની શોધમાં આ રીતે રખડવાનો શો અર્થ છે?"

"ખરું છે ભાઇ, ઈશ્વર સર્વવ્યાપી જ છે. પરંતુ સર્વ સ્થળે રખડાવી સર્વત્ર એનાં દર્શન કરાવી એ આ વસ્તુ સિદ્ધ કરવા માગે છે."

"જો એમ જ છે તો અહીં આ જગ્યાએ પણ તમને ઈશ્વર દેખાતો હોવો જોઇએ."

"જરૂર, આપણે ઊભા છીએ તે જગ્યાએ ઈશ્વર છે જ."

"ક્યાં? ક્યાં? મને બતાવી શકશો?"



"અરે, આ મારી સામે પ્રત્યક્ષ ઊભો છે ને!" રામદાસે કહ્યું.

"પણ ક્યાં?"

"અરે. અહીં જ." કહી રામદાસે હસતાં હસતાં ટિકિટ ઇન્સ્પેક્ટરની છાતી પર હાથ મૂક્યો : "રામદાસની સામે જે આ ઊંચી મૂર્તિ છે એમાં સર્વવ્યાપી એવા ઈશ્વરને રામદાસ અચૂક જોઇ શકે છે." ઘડીક તો ઇન્સ્પેક્ટર ગૂંચવાયો. પછી એકાએક ખડખડ હસી પડયો. જે ડબ્બામાંથી સાધુઓને ઉતારી પાડયા હતા તેનું બારણું ખોલી એમને પાછા બેસાડી દીધા. હવે હું રજા લઇશ. તમારી શોધ સફળ નીવડો." કહી ઇન્સ્પેક્ટર સાધુઓથી છુટ્ટો પડયો.

### સાચો ત્યાગ

ઘર છોડવું, સ્વજન કે સ્નેહીઓનો ત્યાગ કરવો, વસ્ત્રો કાઢી નાખવાં કે બદલીને રંગી દેવાં, વાળ વધારવા કે કાઢી નાંખવા, એ કાંઇ ત્યાગ નથી. અગ્નિને સ્પર્શ ન કરવાથી જ કોઇ ત્યાગી કે સંન્યાસી થઇ જતું નથી. આ બધો બહારનો ત્યાગ એ સાચો ત્યાગ નથી. મુક્તિ માટે માણસે અંદરના ત્યાગનો આશ્રય લેવો જોઇએ. – યોગેશ્વરજી

* પરફેક્ટ એન્ટરપ્રાઇઝ *

મરચન્ટ, એક્ષપાટ્‌ર્સ, ઇમ્પોટર્સ
એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ
૪૨, જયશ્રી ખોડિયાર કો–ઓપરેટીવ શોપિંગ સેન્ટર
રજપૂતપરા મેઇન રોડ, રાજકોટ.
ફોન નં. ઓ. : ૨૫૪૭૮ ઘર : ૫૫૫૧૪



# એક રાષ્ટ્ર એક પ્રાણ

૪૮ વર્ષ પહેલાં
આપણે આઝાદ થયા હતા
૪૮ વર્ષે
નવી પેઢી આપણને પૂછે છે :

ક્યાં છે સ્વ-તંત્ર ?
ક્યાં છે સ્વ-દેશી ?
ક્યાં છે સ્વ-ભાષા ?
ક્યાં છે સ્વ-સંસ્કૃતિ ?

ઘણું મોડું થાય તે પહેલાં
આપણા 'સ્વ' ને જગાડવો છે.
આઝાદીના પાવન પર્વે
આવો, સંકલ્પ કરીએ....

ઘૂસણખોરી, સરહદો સાથે ચેડાં,
બૉમ્બ-બંદૂકનો આતંક, લોહીથી લથબથ
આપણી ધરતીનાં આહ અને આંસુ લૂછવા
રાષ્ટ્રને સુરક્ષિત બનાવીએ.....

ઊંચ-નીચ, સ્પૃશ્ય-અસ્પૃશ્ય
જાતિવાદના વાડા તોડી
સમરસ સમાજ બનાવીએ.....

રાજકારણ અને અપરાધીકરણની
જુગલબંદીનો ખાત્મો બોલાવીએ.....

અંધકાર ભલે ઘણો ઘેરો હોય
પણ... ભાઈ,

મને તો તમારા બધામાં વિશ્વાસ છે,
પૂરેપૂરો વિશ્વાસ છે.
એક રાષ્ટ્ર, એક પ્રાણ
આપણી મૂડી છે.

કદમથી કદમ, મનથી મન મિલાવી
આગળ વધીએ.....

એક રાહે... એક સાથે... એક હૈયે...
નિર્ભયતાથી ડગ માંડીએ...

વંદેમાતરમ્

કેશુભાઈ પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજય



## જન-જનની રક્ષા રાષ્ટ્રની સુરક્ષા

- મુખ્ય મંત્રીશ્રી તરીકે જવાબદારી સંભાળ્યા પછી તરત જ સરહદી વિસ્તારોની મુલાકાત લઈ જાત તપાસ કરી.
- પાકિસ્તાનને અડીને આવેલો ભારતનો પશ્ચિમ સીમાડો વધુને વધુ સુરક્ષિત બને તે હેતુથી ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને દિલ્હીના મુખ્ય મંત્રીશ્રીઓને અવારનવાર મળી સરહદી સુરક્ષા માટે એક બીજાં રાજ્યોની પૂરક એવી પેટ્રોલીંગની સઘન વ્યવસ્થા.
- સરહદી જવાનોની ઉપેક્ષિત અવસ્થા જોઈને વ્યથિત મુખ્ય મંત્રીશ્રીએ રાજ્યના ખજાનામાંથી અદ્યતન સાધન સુવિધા તેમજ તેમના પરિવાર માટે આર્થિક સગવડો આપવાનો નિર્ણય લીધો.
- કસ્ટમ, બી.એસ.એફ., કોસ્ટલ ગાર્ડ, સ્થાનિક પોલીસ જેવા મહત્વનાં એકમોમાં સરહદની સુરક્ષાના મુદ્દે અસરકારક સંકલન રહે તે માટે ઉચ્ચ અધિકારીની નવી વ્યવસ્થા.
- ગુજરાતમાં શસ્ત્રોના સોદાગરોના રાજકીય પીઠબળનો અંત આવ્યો છે, પાકિસ્તાન સરહદેથી ઘુસાડવામાં આવતાં એ.કે.-૪૭, એ.કે.-૫૬, રોકેટ-લોન્ચર્સ, આર.ડી.એક્સ, વિદેશી બોમ્બ વગેરે સરંજામ મોટા જથ્થામાં ઝબ્બે કર્યાં અને આવાં તત્વોને જેલના સળિયા પાછળ ધકેલ્યાં.
- આંતરરાષ્ટ્રીય 'નેટવર્ક' ધરાવતી કુખ્યાત ગેંગોને ભીંસમાં લીધી. સૂત્રધારોને જેલ ભેગા કર્યા અને ભાગેડુઓની મિલકત જપ્ત કરી.
- સુરક્ષાના પ્રશ્ને કોઈની પણ શેહશરમ રાખ્યા વગર કાવતરાખોરો સામે પગલાં લીધાં, પછી એ રાજકીય પીઠબળ ધરાવતી વ્યક્તિ હોય, ઉચ્ચ પોલીસ અધિકારી હોય કે રાજ્યના માજી મંત્રી હોય.
- બ્રાઉન સુગર જેવા માદક દ્રવ્યો દેશમાં ઘુસાડી, યૌવનધનને બરબાદ કરવાની પ્રવૃત્તિઓ સામે અસરકારક અંકુશ.
- રાજકીય અપરાધીકરણની કૂખેથી જન્મેલા અને બેફામ બનેલા ગુંડાગીરી આચરનારા તેમજ અપહરણ કરનારા સામે 'પાસા'નો કોરડો વીંઝ્યો.
- આપણી અસ્મિતાના પ્રાણ સમા ધાર્મિક પ્રસંગોએ નીકળતાં યાત્રા સરઘસોમાં અશાન્તિ ફેલાવવા ટેવાયેલાં તત્વોના હાથ હેઠા પાડવામાં સફળતા.

# જીવન અને વૃક્ષની પ્રેમ સગાઈ


આપણી અમૂલ્ય કુદરતી સંપત્તિ સમાન વૃક્ષો પર્યાવરણ અને વિકાસ બન્ને માટે પોષક અને પ્રેરક છે. વૃક્ષો આપણી પ્રકૃતિ, સંસ્કૃતિ અને સમૃદ્ધિનાં સંરક્ષક છે. આપણી પ્રાચીન ઋષિ સંસ્કૃતિએ જીવન અને વૃક્ષની પ્રેમ સગાઈનો મહિમા સુપેરે વ્યક્ત કર્યો છે.

વૃક્ષો વાવવાનો અને સંવર્ધન કરવાનો આ અવસર છે.

ગુજરાતની ધરતીને નવપલ્લવિત અને હરિયાળી બનાવીએ. અહિંસા, દયા, કરુણા અને પ્રેમનો સંદેશ આપતાં, સાચા સંતો જેવાં વૃક્ષોનું જતન કરીએ.

–કેશુભાઈ પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજય





Paying Homages at the Lotus Feet
YOG INVESTMENTS
* Finance & Share Broker *
508, Muktidham, Above Dairy Den,
Sayajigunj, BARODA - 390 005.
Ph. : 338370 (O) 464253 (R)



# સંત એકનાથ–જીવન અને કાર્ય

ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

મહારાષ્ટ્રનું સદ્‌ભાગ્ય છે કે સૈકાઓપર્યંત લોકોને પ્રેરણા પાય ને સદ્‌ગુણી બનાવે તેવા સંસ્કારી સંતોની સુખદ પરંપરા તેને આંગણે થવા પામી છે. આ આધ્યાત્મિક વૈભવી વારસાથી લોકો એ સંત કવિઓનાં મધુર પદો ને ભજનો અવારનવાર ગાય છે ને એમાં રાચે છે.

આવી મહાન ભાગવત ધર્મની લોકપ્રિય સંત પરંપરા વાર–કરી સંપ્રદાયના નામે ઓળખાવા પામી અને તેની શરૂઆત ઈ. સ. ની ૧૩ મી સદીથી સંત જ્ઞાનેશ્વરથી થવા પામી છે. આ સુખદ ભવ્ય પરંપરામાં સંત એકનાથ ઈ. સ. ૧૬ મી સદીમાં થયા ને તેમણે તે અજ્ઞાનમય અંધકારના જમાનામાં દિવ્ય વીજળી સંચાર ફેલાવ્યો. એ પછીની સદીમાં થયેલા સંત તુકારામે લોકોમાં નવી આશાનો સંચાર કર્યો ને છત્રપતિ શિવાજી મહારાજને સ્વતંત્ર હિંદી સ્વરાજ્યની સ્થાપના કરવા માટે પ્રેર્યા, પરિણામસ્વરૂપ લોકોમાં ધર્મભાવના વધી અને ભક્તિનો મહિમા પ્રસ્થાપિત થયો, ગીતા, ઉપનિષદની નિષ્કામ કર્મયોગની ભાવનામાં લોકોની શ્રદ્ધા દૃઢ થઈ અને ત્યાગની ભાવના ફેલાવા પામી. આવા સંતોએ અને ખાસ કરીને જે સંત એકનાથે "માનવસેવા એ જ પ્રભુસેવા છે"ના સૂત્રમાં લોકશ્રદ્ધા પ્રેરી, એમનો જન્મ મહારાષ્ટ્રમાં ગોદાવરીતટે આવેલા પૈઠણ નામના પુણ્યધામમાં ઈ. સ. ૧૫૩૩ માં થવા પામ્યો, ત્યારે મુસ્લીમોનું રાજ્યશાસન પ્રવર્તતું હતું ને નૈતિક

ને સાંસ્કૃતિક અવનતિમાં લોકો ગ્રસ્ત હતા. દક્ષિણમાં વિજયનગરનું હિંદુ રાજ્ય પરાજિત થતાં ઇ. સ. ૧૫૬૫ થી હિંદુધર્મ ને સંસ્કૃતિને માથે આફતનાં વાદળાં ઘેરાયાં હતાં. એવા સમયમાં જન્મેલા સંત એકનાથને દૃઢ સંકલ્પ ને ધૈર્યથી આધ્યાત્મિક રાહે ઘણા પડકારોનો સામનો કરવો પડેલો.

### પરિવાર ઉછેર ને વિરોધ

સંત એકનાથ વિજયનગરથી પંઢરપુરમાં ભગવાન વિઠોબાની મૂર્તિ લાવનાર સંત ભાનુદાસના પૌત્રરત્ન હતા. આવી સંસ્કારી ગૌરવપદ પરિવાર પરંપરામાં જન્મેલા એકનાથે નાની વયે પિતા સૂર્યનારાયણ તથા માતા રુક્મિણી ગુમાવ્યાથી તેમનો ઉછેર દાદા ચક્રપાણિની દેખભાળ હેઠળ થવા પામ્યો. એમનામાં આધ્યાત્મિક વલણ નાનપણમાં જ એટલું પ્રબળ હતું કે તે બાર વર્ષની વય હતી ત્યારે શાળામાંથી છટકી જઇ દોલતાબાદના કિલ્લાનો કારોબાર સંભાળતા જનાર્દન સ્વામી પાસે પહોંચી જઇ તેમના શિષ્યરૂપી સંસ્કાર મેળવતા હતા. ગુરુએ કરેલી અનેક આકરી કસોટીમાંથી પાર ઊતરી ત્યારે ય તેઓ ધર્મમય આધ્યાત્મિક તપસ્વીસમું સંયમી જીવન વ્યતીત કરતા હતા.

એકનાથે મરાઠીમાં લખેલા ભાગવતપુરાણના આલેખન–વિવરણ–વિવેચનથી બનારસના રૂઢિચુસ્ત પંડિતો છંછેડાયા ને એકનાથના આ ચેડા બદલ તેમણે તેને બનારસ બોલાવી કડક સજા કરવા ધારેલું, પણ એકનાથે પ્રબળ દલીલો સભર ગ્રંથના કરેલા બચાવથી તે પંડિતો મુગ્ધ ને દિંગ થઇને તેમના શિષ્ય બની ગયા. અને તેમની તેજસ્વી વાણીથી પ્રભાવિત થઇ તેમણે તેમને હાથી પર બેસાડી નગરમાં સવારી કાઢી. આમ, સજા કરવાને બદલે તેમણે એકનાથનું દબદબાભર્યું ભારે સન્માન કર્યું. નાથનો



આ અનન્ય ભાગવતગ્રંથ 'એકનાથી ભાગવત' તરીકે આપણે ત્યાં ઓળખાવા લાગ્યો.

આ ઉપરાંત એકનાથે ઇ. સ. ૧૫૭૧ માં બનારસમાં રહી 'રુક્મિણી સ્વયંવર'નામની મહાન ધાર્મિક ને સાહિત્યિક કૃતિ પણ રચી છે. એમની ઇચ્છા "ભાવાર્થ રામાયણ"નામક મહાગ્રંથ સંપૂર્ણ રીતે લખવાની હતી, પણ એ બટન આવી શકી.

એકનાથના પ્રગતિશીલ સુધારક વિચારોનો વિરોધ ખુદ એમનો પુત્ર હરિપંડિત પણ કરતો હતો. એકનાથ ધર્મચર્ચા ને ઉપદેશ પ્રવચન મરાઠી ભાષામાં કરવાનું રાખતા ને પસંદ કરતા અને અજાણ્યા માણસોને ઘેર જઇ ભોજન લેતા હતા. આની સામે પુત્ર હરિ પંડિતને વિરોધ હતો અને એણે એમ ન કરવા માટે પિતા પાસે વચન પણ લીધું હતું. પણ એક વાર એવું બન્યું કે કોઇ એક વિધવા સ્ત્રીએ એક હજાર બ્રાહ્મણો જમાડવાનું વ્રત લીધેલું ને એકનાથને જમાડવાથી એક હજાર બ્રાહ્મણો જમાડવાનું પુણ્ય તેને સાંપડશે એવી સમજાવટથી તેણે એકનાથને ભોજન માટે પોતાને ઘેર નોંતરેલા. તે ટાણે એકનાથ પોતાના પુત્ર હરિ પંડિતને સાથે લઇ ગયેલા. ભોજન પતી ગયા પછી એકનાથે પોતાની ખાલી ભોજનથાળી પરથી પાંદડાનું ઢાંકણ ખસેડવા પોતાના પુત્ર હરિને જણાવ્યું. એમ કરતાં હરિએ પાંદડા નીચે બીજી ભોજન સભર થાળી જોઇ. એમ એકનાથના કહેવાથી બીજીવાર, ત્રીજીવાર કરતાં કરતાં હજાર કરતાં ય વધુ વાર એમ કરવાથી એના આશ્ચર્ય વચ્ચે એણે દરેક વખતે પાંદડાના આવરણ હેઠળથી ભોજન ભરેલી થાળી જ જોવા મળી! આ જોઇ હરિ પંડિત આભો થઇ ગયો ને તેને ત્યારે પોતાના પિતાની મહાનતાનો

ખ્યાલ આવ્યો. એણે પિતાને ત્યારે વિષ્ણુના પ્રત્યક્ષ અવતાર કહી બિરદાવ્યા.

**જાત્રા, લગ્ન, ઉપદેશ ને પ્રેરક જીવન ઘટનાઓ**

એક વાર પોતાના ગુરુ સાથે એકનાથ નાસિકની જાત્રાએ ગયા હતા ને પછી ગુરુની આજ્ઞાથી ઉત્તરભારતના વિવિધ પવિત્રધામોની જાત્રાએ એકલા ગયેલા. પણ અચાનક ગુરુનો સંદેશો મળ્યે તે તરત પાછા પોતાના વતન પૈઠણમાં પોતાને ઘેર આવી ગયેલા, એકનાથના દાદાદાદી તેના અવ્યવહારુપણાથી અકળાયા હોવાથી તેના મિત્રના કહેવાથી ગુરુએ એમને પાછા બોલાવી લીધેલા, એ પછી ગુરુની ઇચ્છાને માન આપીને બિજાપુરના ખાનદાસ સમૃદ્ધ પરિવારની ગિરિજાબાઇ નામની સ્ત્રી સાથે એકનાથે લગ્ન કર્યાં. ગિરિજાબાઇ એકનાથ માટે આદર્શ જીવન સહચરી પુરવાર થઇ. સમાજ સુધારણાના એકનાથના કાર્યમાં એણે લોકોના પ્રબળ વિરોધ વચ્ચે ય ખભેખભો મિલાવીને સહકાર ને સમર્થ આપ્યા. એકનાથ તો પોતાના પ્રશંસકો ને વિરોધીઓમાં ય ભગવાનનાં દર્શન કરતા હોવાથી બંનેને સરખા માનતા હતા. એટલે લોકોનો વિરોધ શમી ગયો. અને લકો તેને આધ્યાત્મિક વિભૂતિને સંત માનવા લાગ્યા. આમ, સમાજમાં પ્રચલિત જ્ઞાતિ, રંગ, જાતિના વિવિધ ભેદભાવ નાબૂદ કરી સમાનતાની હિમાયત કરવામાં તે સફળ થયા.

એકનાથનો પ્રબોધેલો ઉપદેશ લોકોમાં અસરકારક થઇ પડતો. કેમકે તે પોતે પોતાના જીવનમાં એ આચરી બતાવતા હતા. અને સૌમ્ય શાંત રીતે ને સમજાવટથી એ ઉપદેશ આપવાની તેમની પદ્ધતિ હતી. એક વાર તેમણે પોતાના મૃત પૂર્વજોના શ્રાદ્ધ નિમિત્તે ભૂખ્યા હરિજનોને ભોજન કરાવ્યું અને એમણે વળી



એકવાર પોતાના પવિત્ર બાર દિવસના ઉપવાસનાં પારણાં અસ્પૃશ્ય ગણાતા એક કુટુંબને ઘેર જઇને કર્યાં. આવી તો તેમની સુધારણાની ઉત્કટ ભાવના ને ધગશ.

તેમની એક જીવનઘટના બોધક છે. એક વાર એક ગૃહસ્થે તેમને પૂછ્યું : "મહારાજ, તમારા જેવું સાદું અને નિષ્પાપ જીવન અમારું કેમ નથી? તમે ક્યારેય ગુસ્સે થતા નથી. કોઇની સાથે તકરાર કરતા નથી, ને કેટલા શાંત, પવિત્ર ને પ્રેમાળ તમે છો!"

જવાબમાં એકનાથે કહ્યું : "મારી વાત જવા દો. તમારા વિશે મને આજે જ ખબર પડી છે કે સાત દિવસ પછી તમારું મરણ છે."

સંતની વાત માની તે ગૃહસ્થ તો ઝટપટ ઘેર ગયો. તેને પછી તો કાંઇ સૂઝે નહિ ને બેચેની જ રહ્યા કરે. એમ જ છ દિવસ વીતી ગયા પછી એ સાતમે દિવસે એકનાથના આખરી દર્શને આવ્યો અને કહ્યું : "નાથ, હવે હું જાઉં છું."

ત્યારે એકનાથે પૂછ્યું : "આ છ દિવસમાં કેટલું પાપ થયું? પાપના કેટલા વિચાર આવ્યા?"

ગૃહસ્થે જવાબ આપ્યો—"અરે, પાપનો વિચાર કરવાનો વખત જ ક્યાં હતો? નજર સામે મરણ જ દેખાયા કરતું હતું." સંત એકનાથે જવાબ આપ્યો—"જુઓ, અમારું જીવન નિષ્પાપ કેમ હોય છે તેનો આ જવાબ છે. સમજી ગયાને?" બીજી એક ઘટના પણ નોંધપાત્ર છે. એક વાર એક સ્ત્રી પોતાના બાળકને લઇને એકનાથ પાસે આવીને કહ્યું—"મહારાજ, આ બાળક ગોળ બહુ ખાય છે તો તેને ગોળ ન ખાવા સમજાવો ને કહો."

ત્યારે તેમણે એ સ્ત્રીને એક અઠવાડિયા પછી આવવા

જણાવ્યું. એ પછી અઠવાડિયા બાદ તે સ્ત્રી પાછી તેમની પાસે આવી ત્યારે તેમણે બાળકને માથે વહાલથી હાથ ફેરવીને વારંવાર ગોળ ખાવો હાનિકારક હોવાથી તેમ ન કરવા સમજાવ્યું.

સ્ત્રીએ ત્યારે પૂછયું : "મહારાજ, તમે આ જ વાત અઠવાડિયા પહેલાં પહેલી વાર હું આવી ત્યારે બાળકને સમજાવીને કહી શક્યા હોત તો મારે બીજો ફેરો ન થાત."

એકનાથે જવાબમાં કહ્યું : "બહેન, ત્યારે હું પોતે ગોળ બહુ ખાતો હતો, એટલે બાળકને કેવી રીતે ગોળ ન ખાવા માટે કહી શકું? મેં એ પછી ગોળ ખાવો બંધ કર્યો ને તેથી હવે હું તે માટે બાળકને કહી શકું છું."

આવી હતી તેમની જીવનફિલસૂફી.

ગોદાવરીમાં સ્નાન કરવાનો તેમનો રોજિંદો જીવનક્રમ હતો. એક દિવસ ગોદાવરીમાં સ્નાન કરીને આવ્યા બાદ પાછા ઘેર જતા રસ્તામાં એક દુષ્ટ તેમના પર થૂંક્યો. આમ, તે દુષ્ટે ૧૦૮ વાર તેમના પર સ્નાન કરી આવ્યા બાદ થૂંક્યા કર્યું. આમ છતાં, તે દરેક વખતે એ ફરીથી સ્નાન કરી આવ્યા, પણ દુષ્ટપર જરા યે ક્રોધે ન ભરાયા કે ન તેને અપશબ્દ કહ્યા. ઊલટો, તેનો આભાર માન્યો કે તેને લીધે પોતે ૧૦૮ વાર પુણ્યસ્નાન કરવાનો લાભ મેળવી શક્યા. છેવટે તે દુષ્ટે સંતની ક્ષમા માગી હતી.

આવા સંયમી સંત તે હતા. તેમનામાં જીવમાત્ર પ્રત્યે એટલી બધી પ્રબળ અનુકંપા હતી કે એક વાર ગંગાસ્નાન કર્યા પછી ગંગાજળ લઇને તેઓ પાછા આવતા હતા ત્યારે રસ્તામાં પાણીની તરસથી તરફડી રહેલું ગધેડું તેમની દૃષ્ટિએ પડયું તો તેમણે આણેલું ગંગાજળ એ પાણીની તરસથી તરફડી રહેલ ગધેડાને બચાવવા એના મુખમાં રેડયું હતું. આવી હતી તેમની જીવદયા.



## ધાર્મિક રચનાઓ

'ચતુશ્લોકી ભાગવત' એ એકનાથની પહેલી મૌલિક કૃતિ છે. એમાં ચાર સંસ્કૃત શ્લોકપર આધારિત મરાઠી ઓવી છંદમાં લખાયેલ એક હજાર કડીઓ છે, ભાગવત પુરાણના નવમા પ્રકરણમાંના બીજા સર્ગમાં આવેલ ચાર સંસ્કૃત શ્લોકોના આધારે એની રચના થઇ છે. એમાં પહેલી વાર એ સંત કવિનું સામાજિક દૃષ્ટિબિંદુ તથા જીવનફીલસૂફીનું આલેખન થયું છે અને ભાગવતધર્મમાં મૂળભૂત રીતે ૧૭૦૦ શ્લોકોમાં દર્શાવેલ તપનું અર્થઘટન પણ કરાયું છે. સાદી પણ ગૌરવી ભાષા, શૈલીની ચોક્સાઇ તથા અનુભૂતિ ને વિચારના સુભગ સંયોજનથી અંકિત આ રચના સંત એકનાથના કવિત્વને પ્રગટ કરે છે. એકનાથી ભાગવત, જ્ઞાનેશ્વરી તથા તુકારામના અભંગો–એ પવિત્ર ગ્રંથત્રયી દ્વારા વાર–કરી સંપ્રદાયનો ધાર્મિક અભિગમ સમજી શકાય છે.

લગભગ ૩૦૦૦ અભંગો દ્વારા સાદી શૈલીમાં સંત એકનાથે ભગવાન શ્રીકૃષ્ણની રમતિયાળ વૃત્તિ, તેમની મધુર સુંદર બાળલીલા, સંતોના પ્રેરક જીવન કાર્યો અને વિઠોબાની મહત્તા તથા ભક્તો પ્રત્યેની તેમની અનુકંપાનું આલેખન કર્યું છે. એમાં એમણે પોતાની વિશિષ્ટ આધ્યાત્મિક અનુભૂતિઓ સમેત આમજનતા માટે સદ્‌ગુણી જીવનમાર્ગ પણ પ્રબોધ્યો છે. આ ઉપરાંત કેટલાંક આખ્યાનો તથા ૩૦૦૦ ઓવી છંદમાં લખાયેલ "શુકાષ્ટક" તેમ જ "આનંદલહરી" જેવી કૃતિઓમાં તેમણે પોતાની કેટલીક બુનિયાદી તત્ત્વજ્ઞાનમંડિત માન્યતાઓ દર્શાવી છે. તેઓ માનતા હતા કે આધ્યાત્મિક વિકાસ માટે સંસારત્યાગ આવશ્યક નથી ને અજ્ઞાનમાં આથડતા લોકોને દિવ્ય જ્ઞાન–અનુભૂતિથી લાભાન્વિત કરવા જોઇએ. ચરિત્રનિરૂપણ, રચનાચાતુર્ય તથા કાવ્યસુંદરતાની

દૃષ્ટિએ તેમની 'રુક્મિણી સ્વયંવર' કૃતિ અજોડ મનાય છે. એમાં હૃદયસ્પર્શી કથાનક તથા સમૃદ્ધ આધ્યાત્મિક અનુભવનું સંયોજન થયું છે. એક રીતે જોઈએ તો ભાગવત પુરાણના ૧૯ મા અધ્યાયના મૂળ ૧૪૪ શ્લોકોમાં કથિત કથાનકનું ૧૭૧૧ કડી-ઓમાં વિસ્તૃત આલેખન એમાં થયું છે.

ચૌદમી સદીમાં થયેલા સંત નામદેવ તથા બીજા સંતોની માફક એકનાથે હિંદીની વ્રજ, ખડીબોલી, અવધી આદિ વિવિધ બોલીઓમાં તથા તેલુગુ અને કન્નડ જેવી મરાઠી ઉપરાંતની ભાષાઓમાં ય પોતાની રચનાઓ કરીને ભારતમાં ભાવાત્મક એકતા ફેલાવવાનો ને તે દ્વારા સાંપ્રદાયિક સંકુચિતતા નિવારી સનાતન મહાન સત્યો પ્રસારવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. એ પૈકીની 'ગાહુડી', ભારુદ', 'નાનક' ને 'ફકીર' નામની એમની રચનાઓ તો લોકમુખે ગવાય પણ છે. ભ્રાતૃભાવ, આત્મસાક્ષાત્કાર ને આધ્યાત્મિક એકતાના મહાન આદર્શોને વાચા આપતી એમની રચનાઓમાં એમનું ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં આસ્થા ધરાવતું તેજસ્વી વ્યક્તિત્વ દૃષ્ટિગોચર થાય છે.

એમની છેવટે અપૂર્ણ રહેલી 'ભાવાર્થ રામાયણ' નામની રચના એમના શિષ્ય ગાવબાએ પૂર્ણ કરીને આપણને આપી. એની ઓવી છંદમાં રચાયેલ કુલ ૪૦,૦૦૦ જેટલી કડીઓ પૈકી એકનાથે ૨૫,૦૦૦ લખી છે ને બાકીની ૧૫,૦૦૦ એમની હયાતી પછી એમના તેજસ્વી શિષ્યે રચી છે. એ વખતની સમકાલીન રચના સંત તુલસીદાસકૃત 'રામચરિતમાનસ' સાથે એનું સામ્ય કંઈક રહેલું છે. પણ એમાં અલગ તરી આવતી વિશિષ્ટતા એ છે કે એમાં ભગવાન રામનું ધર્મસંરક્ષક તત્ત્વ અને તેમની માન-વીયતા કર્તાના સુંદર કવિત્વ સમેત સુપેર પ્રગટ થાય છે.



આમજનતાનો આધ્યાત્મિક અભ્યુદય ઇચ્છતા એકનાથ લોક-સમુદાયના ભક્ત કવિ હતા. સરળ શિષ્ટ ભાષામાં લખાયેલી તેમની કૃતિઓ નિરક્ષર કે અલ્પશિક્ષિતોના અંતરાત્માને જગાડતી. ક્યારેક એક જ "હિંદુતુર્ક સંવાદ" જેવી કૃતિમાં તે બે ભાષાઓમાં લખી-ને હિંદુ ને મુસ્લિમોને સરખી રીતે અવબોધ કરતા. એમાં તેમણે હિંદુસ્તાની ને મરાઠી ભાષાનો વિનિયોગ કરી બંને ભાષા પરનું પોતાનું પ્રભુત્વ દાખવ્યું છે. એમનું સર્જન વિપુલ હોવા છતાં શબ્દના ઉપયોગમાં તેમની ત્રેવડ તથા નૈસર્ગિકતા એમાં પ્રતીત થાય છે. બારીક નિરીક્ષણ, ચિત્રાત્મક છટા, આધ્યાત્મિક અનુ-ભવોના આલેખનમાં ફાવટ, વિવિધ ત્યાગકાર્યો તથા ભાવાલેખનની નિપુણતા, વિનોદી અંશની છાંટ, સાક્ષરી દંભ—આડંબર રહિતતા, કથનને ભાષાકારનો સમન્વય, અને મરાઠીભાષાને ઉચ્ચસ્તરના ભાવવાહન તરીકે પ્રયોજવાની આવડત એ બધું એમનામાં જણાય છે. એમની દૃષ્ટિએ પાંડિત્ય, આધ્યાત્મિકતા ને કથાનકથી સભર કવિતા થાણા, વિદ્વાન ને સામાન્ય જનોને એક સરખી રીતે સમજાય તેવી વિવિધ ભાવરુચિને સંતોષે તેવી હોવી જોઈએ. એમની રચનાઓ એમની કાવ્યવિભાવનાના જ્વલંત દૃષ્ટાંતરૂપે આપણી સમક્ષ આજેય છે.

**તેજસ્વી ધર્મવિચાર ધારા**

સોળમી સદી ભારત માટે ધાર્મિક અંધાધૂંધીના સમય સમી હતી. ત્યારે ધર્મનો મર્મ સુગમભાષામાં સમજાવવાનું, વિવિધ સંપ્રદાય—વર્ગના સંઘર્ષો નિવારવાનું અને લોકોમાં એકતાની ભાવના જગાડવાનું કામ જરૂરનું ને મહત્ત્વનું હતું. એ વખતે વૈષ્ણવ—વિચારણાના પ્રબળ દૂત તરીકે એકનાથે પોતાની શક્તિથી લોકોમાં ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ જગાડવાનું ને તેમના

અંતરાત્માને ઢંઢોળી ધાર્મિક ભ્રાતૃભાવ પ્રેરવાનું ભગીરથ કામ કર્યું. ને તેમનામાં કર્તવ્ય ભાવ જગાડી તેમને ભક્તિના માર્ગે દોરી માનવતામાંથી પ્રભુતામાં સંચરવા પ્રોત્સાહિત કર્યા. એ માટે આમ-લોકોને માટે ભક્તિમાર્ગ વધુ સુગમ હોવાનું કહી તેમણે દરેક જીવમાં સર્વોચ્ચ પ્રભુનું પ્રતિબિંબ જોવા જણાવ્યું, તેમણે ભક્તિ-માર્ગનો મહિમા સમજાવી સંત જ્ઞાનેશ્વરે પ્રબોધેલ ભાગવતધર્મની વ્યાપકતા દર્શાવી અહીંના આધ્યાત્મિક વિશ્વની ઉચ્ચ સંપ્રાપ્તિ શક્યતાનો ખ્યાલ આપ્યો. વ્યક્તિગત આધ્યાત્મિક સિદ્ધિની ઉપેક્ષા કર્યા વિના તેમણે સામાન્ય માર્ગ ભૂલેલા અજ્ઞાની લોકોને જ્ઞાન-પ્રકાશ પહોંચાડી ભ્રાતૃભાવનો ધર્મ બજાવવા અનુરોધ કર્યો—જેથી આધ્યાત્મિક વિશ્વરચના શક્ય થઈ શકે.

સમાજમાં સંન્યાસના ખોટા અર્થઘટનથી નૈતિક અરાજકતા ને પતન થવા પામ્યાનું કહી તેમણે નિષ્કામ કર્મયોગનું મહત્ત્વ સ્પષ્ટ કર્યું. કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને જ્ઞાનબોધ કર્યા પછી ભગવાન શ્રીકૃષ્ણે તેને કર્તવ્યપંથે પ્રેર્યો તેમ એકનાથ લોકોને જ્ઞાન-પ્રાપ્તિ પછી ય ભક્તિના અર્કરૂપ, સમાજ અને લોકો પ્રત્યેનું, કર્તવ્ય કરવાની જરૂર સમજાવે છે. ભક્તિદ્વારા સામાજિક એકતા હાંસલ કરી શકાય એવો ભક્તિનો અભિનવ અર્થ તે લોકોને પ્રબોધીને માનવસમુદાયમાં ભ્રાતૃપ્રેમ જગાવવા જણાવે છે—જે ભક્તિસૂત્ર-માં નારદ તથા શાંડિલ્યે પ્રબોધેલ છે. ભક્તિદ્વારા હીનને ઉત્તમ બનાવવા ને રંગજ્ઞાતિના ભેદભાવ વિનાનું સાચકલા ભક્તોનું વિશ્વ સર્જવા અનુરોધ કરી તે ભક્તિને 'સનાતન શાશ્વત પ્રકાશ' કહે છે—જેને અન્ય ધર્મજૂથો 'સંવિત્તિ' 'શક્તિ' 'અદીઠ' કે 'અવ્યક્ત' સ્વર્ગરૂપે વર્ણવે છે. પણ તે આ દુનિયાથી પર કે બહાર નથી. જ્ઞાન કરતાં ભક્તિદ્વારા સ્વર્ગપ્રાપ્તિ સુકર હોવાનું જણાવી તેઓ



લોકોને સંત–ગુરુઓ દ્વારા આધ્યાત્મિક માર્ગદર્શન મેળવવા જણાવે છે, તેમના મતે સંત–ગુરુઓ શાશ્વત જ્યોતિપ્રકાશના સ્રોતરૂપ ને દિવ્યતાના પ્રતીકરૂપ છે. હીનમાં હીન પાપી પણ બ્રહ્મપ્રાપ્તિનો લાભ મેળવી શકે એવો માનવ–અસ્તિત્વનો મહિમા તે સમજાવે છે. શરીર એ તેમની દૃષ્ટિએ સામાન્ય પિંડ નહિ, પણ સર્વોચ્ચ આત્મસાક્ષાત્કાર પ્રાપ્તિનું સાધન બની શકે તેવું વાહન છે. વિવિધ ભક્તિમાર્ગમાં વિઠોબાની ભક્તિની હિમાયત કરતા તે તેમની ભગવાન બુદ્ધ સાથે દશાવતારની બાબતમાં એકતા સૂચવી એ તેમની ભક્તિને ઉચ્ચ વેદોક્ત દિવ્ય ગણાવે છે. હરિ અને હરમાં અભેદજ્ઞા દર્શાવી તેઓ શૈવ અને વૈષ્ણવ પંથીઓમાં સંવાદ સ્થાપવા ય મથે છે.

જ્યાં ધર્મ–આધ્યાત્મિક વાસ્તવતા તરફ લોકો ઉપેક્ષા સેવી અજ્ઞાન, વહેમ તથા ભૌતિકસિદ્ધિઓમાં રાચતા થાય છે ત્યાં સંકુ-ચિતતા ને ઉપચાર ક્રિયાકાંડમાં તેમનું પતન થાય છે. આવા સમયે દેશના જુદા જુદા ભાગમાં અન્યાય ને અમાનવીય આચારોમાં સબડતા સમાજને ભક્તિ, પ્રેમ ને માનવતા પ્રત્યે દોરવા–જગાડવા ત્યાગપરાયણ સંતો ઉદ્ભવે છે. આવા આધ્યાત્મિક વિભૂતિરૂપ નેતાઓ કોઈ નવા સિદ્ધાંતો પ્રબોધવાને બદલે શાશ્વત શાણપણ જગાડી ધર્મના અર્કરૂપ નવશક્તિ સમી માનવતા સમાજમાં સંકોરે છે. માત્ર માન્યતા નહિ, પણ જીવનમાં આચરણ મહત્ત્વનું હોવાનું કહી સંતો જણાવે છે કે સત્ય ને પ્રેમના દરવાજા બંધ કરી માનવ પોતાના હૃદયને પ્રભુના પવિત્ર નિવાસસ્થાન તરીકે અયોગ્ય ઠરાવે છે, સંત એકનાથ પણ, બીજા સંતોની જેમ, સમાનતા ને ભ્રાતૃભાવથી અંકિત પ્રભુભક્તિ ને

સદ્‌ગુણોથી સભર સ્વમાની ને આત્મપ્રકાશિત વ્યક્તિઓવાળો સમાજ નિર્માણ કરવાની હિમાયત કરે છે. તત્કાલીન જ્ઞાતિ ભેદ-ભાવથી સભર સમાજને પરહરી પ્રભુભક્તિ ને માનવતા દ્વારા એકતા આણવા ને વિશ્વમાં દિવ્યતાનું સાધન બની રહેવા માનવો-ને તે જણાવે છે. એકનાથના મંતવ્ય મુજબ માનવના આધ્યાત્મિક સમુત્કર્ષનો હેતુ માત્ર મુક્તિ પ્રાપ્ત કરવાનો નહિ, પણ દિવ્યતાના દૂત તરીકે લોકો વચ્ચે વિશ્વમાં રહી તેમને માનવતા ને અલૌકિક આનંદ તથા જ્ઞાનનો રાહ દેખાડવાનો હોવો જોઈએ.

જ્યાં લગી મનુષ્ય દુનિયા તથા નાશવંત શરીર સાથે એકરૂપતા સાધે છે ત્યાં સુધી નાશવંત છે. પણ એને બદલે તેણે પ્રભુના બાળક તરીકે અમર એવા પ્રભુ સાથે એકાત્મતા કેળવવી જોઈએ. આમ કહી, એકનાથ ભક્તિદ્વારા નાશવંત સાથેનો સંબંધ છોડી અનશ્વર સાથેનો નાતો જોડવો ને એમ કરી સર્વોચ્ચ સ્થિતિ ને સત્યને પામવા પ્રબોધે છે.

અવ્યાખ્યેય એવા પરમાત્માની વ્યાખ્યા આપવા મથતા વિવિધ ધર્મશાસ્ત્રોની બુદ્ધિતર્કયુક્ત વિભાવનાઓને અગત્ય આપવાને બદલે તે ભક્તિમાર્ગ અપનાવવાનું કહી લોકોને સમજાય તેવા સરળ, બુદ્ધિગમ્ય ને તાર્કિક ધર્મની વાત કરે છે. વહેમ ને અ-તાર્કિક માન્યતામાં રાચવાને બદલે તે ગ્રહણને કુદરતી પ્રક્રિયારૂપ ગણાવે છે. આવો વૈજ્ઞાનિક અભિગમ તેઓ ધરાવતા.

માનવને સર્વોચ્ચ સ્થિતિની પ્રાપ્તિ માટે માત્ર ભૌતિક સમૃદ્ધિ જરૂરી હોવાનું તેઓ માનતા નહોતા, આધ્યાત્મિક સાક્ષાત્કારને તેઓ માનવજીવનનું ધ્યેય માનતા હતા. દુનિયાદારી સંઘર્ષોને વ્યક્તિગત અથડામણો સમજતા. જો માનવ તેને નિવારે તો શાંતિ



લાધી શકે ને સંઘર્ષોનો અંત પણ આવે. સર્વોચ્ચ સત્યની પ્રાપ્તિ થયે સર્વોચ્ચ સ્થિતિ હાંસલ થઈ શકે ને એ માટે દરેક જીવમાં દિવ્ય હાજરીની ઝાંખી માણસે કરવી જોઈએ. આવી પ્રતીતિ ભક્તિ ને સદાચરણ દ્વારા થઈ શકવાનું ભારપૂર્વક જણાવતા તે કહે છે કે એ રસ્તે જ માનવ પોતાનામાં ને બીજામાં દિવ્યતાની ઝાંખી કરી શકે છે તથા બાહ્યસ્થિતિ પર આંતરિક સત્ત્વનું પ્રભુત્વ પ્રસ્થાપી શકે છે. સત્યની અવિરત ને એકનિષ્ઠ ભક્તિદ્વારા પ્રતિકૂળ પરિસ્થિતિ પર જીત મેળવી શકવાની માનવની શક્તિમાં એક-નાથને અપાર શ્રદ્ધા છે. એટલે તો એકનાથના જીવન પછી પચાસ વર્ષે છત્રપતિ શિવાજી મહારાજ સ્વાવલંબી મજબૂત નવું ધર્મ-રાજ્ય સ્થાપી શક્યા હતા.

સર્વોચ્ચ આધ્યાત્મિક વિકાસ ને તેની પ્રાપ્તિ માટે તેઓ ગુરુ-ની આવશ્યકતા હોવાનું જણાવે છે. એ પોતે પણ એના સમયમાં લોકોને આંતરિક શાંતિ ને સુદૃઢ આધ્યાત્મિક ભ્રાતૃભાવ પ્રબોધનાર ગુરુસમાન જ હતા. એમના મતે જીવમાં રહેલ આંતરિક દિવ્ય-શક્તિ જ આદર્શગુરુરૂપ છે. એટલે જ સામાન્ય આમજનતાની વચ્ચે રહીને તેમની સેવા તેમના જેવા થઈને કરવાની તેઓ હિમાયત કરે છે.

### વ્યક્તિત્વ લક્ષણો, સંતવારસો ને સંદેશો

જીવમાત્ર પ્રત્યે અનુકંપા, સહિષ્ણુતા, આતિથ્યભાવ, અભેદ-ભાવ, નમ્રતા, માતૃભાષા ભક્તિ, નિરભિમાનપણું, માનવતા, સત્યનિષ્ઠા, નિષ્કામ સેવાભાવ અને એકનિષ્ઠ પ્રભુભક્તિ આદિ એમના તેજસ્વી હૃદયસ્પર્શી વ્યક્તિત્વનાં લક્ષણો નજરે પડે છે. મરાઠી, અરબી, સંસ્કૃત, ફારસી આદિ ભાષાના સારા જાણકાર

હોવા છતાં માતૃભાષા મરાઠી પ્રત્યે તેમને ભારે પ્રીતિ હતી. એમની આતિથ્યભાવના એટલી તો ઉત્કટ હતી કે એકવાર મધરાતે કેટલાક મેહમાનો તેમને ઘેર આવ્યા ત્યારે રસોઇ કરવા માટે લાકડા ઘરમાં ન હોવાથી તેમણે ઘરના છાપરામાંનું બીમનું લાકડું વાપરી રસોઇ બનાવડાવી હતી.

એમનો સ્વર્ગવાસ ઇ. સ. ૧૫૯૯ માં ૬૬ વર્ષની વયે થવા પામ્યો. એમને એક પુત્ર તથા બે પુત્રીઓ હતી. જે પૈકી તેમનો એક દૌહિત્ર મુક્તેશ્વર નામના પ્રખ્યાત કવિ તરીકે મરાઠીમાં પ્રસિદ્ધ થવા પામ્યો છે. એકનાથનો આખરી સંદેશો છે–“જ્યારે જ્યારે ધર્મનો ક્ષય થશે ત્યારે અધર્મનો પરાજય કરવા ને અનિષ્ટો-ને ડામવા સંતોનો ઉદ્ભવ થશે ને તેઓ સત્ય તથા સારપની સ્થાપના કરશે.” તેમના સંગીતમય મધુર, ભક્તિસભર, દિવ્ય પ્રેમમય ને સાક્ષાત્કારના પ્રતીકરૂપ હજારો અભંગો ને કીર્તનો તથા રચનાઓ દ્વારા હજુય સંત એકનાથ અમર રહી આપણને દિવ્યમાર્ગે પ્રેરે ને દોરે છે ને ભવિષ્યમાં ય દોર્યા કરશે, એમાં શંકા નથી. (સંપૂર્ણ)

## ચૂંટેલા પુષ્પો

લોકો ભલેને આખો દિવસ ખરાબ કામો કરતા રહે; પરંતુ સંન્યાસીથી એક પણ ખરાબ કામ કેમ થાય? સ્વચ્છ વસ્ત્ર પર નાનકડો ડાઘ પણ દેખાઇ આવે! લોકો જાત જાતની ચર્ચા કરે; એવો અવકાશ તેમને શા માટે આપવો?

શ્રી ચૈતન્ય મહાપ્રભુ



# લવાજમ અંગે સૂચના

અધ્યાત્મ માસિકના પ્રકાશનનું ૧૬ મું વર્ષ સપ્ટેમ્બર ૧૯૯૫ માં પૂરું થાય છે. એટલે જે વાર્ષિક ગ્રાહકો કેન્દ્રો મારફત લવાજમ મોકલતા હોય તેઓને પોતાનાં નવા વર્ષનાં લવાજમો સપ્ટેમ્બર ૯૫ ના અન્ત સુધીમાં મોકલાવી આપવા વિનંતી છે.

લવાજમ રોકડેથી, ડ્રાફ્ટથી કે મનીઓર્ડરથી જ સ્વીકારવામાં આવે છે. આઉટ સ્ટેશનોના ચેક ઉપર ચાર્જ બહુ લેવાતા હોવાથી, ચેક સ્વીકારવામાં આવતા નથી.

ભારતમાં વાર્ષિક લવાજમ માત્ર રૂા ૧૫, અને આજીવન સભ્ય ફી રૂા. ૨૫૧ છે. તંત્રી, અધ્યાત્મને તે મોકલી શકાય. પરદેશનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦ (AIR MAIL) છે, તથા આજીવન સભ્ય ફી હવેથી રૂા. ૨૫૦૧ છે.

### જાહેરખબરના દર

અધ્યાત્મ માસિકની જાહેરખબરના દર નીચે પ્રમાણે છેઃ–

અંદરનું પાનું આખું. રૂા. ૪૦૦–૦૦
અંદરનું પાનું અડધું રૂા. ૨૦૦–૦૦
અંદરનું પાનું પા રૂા. ૧૦૦–૦૦
ટાઇટલ પેજ ૨ અને ૩ આખું રૂા. ૫૦૦–૦૦
ટાઇટલ પેજ અડધું રૂા. ૨૫૦–૦૦
ટાઇટલ પેજ ૪ આખું રૂા. ૬૦૦–૦૦

આજીવન સભ્યો તેમ જ વાર્ષિક સભ્યોએ પોતાનો ગ્રાહક નંબર નવા રેપર ઉપરનો નોંધી લેવા વિનંતી છે. તંત્રી.

બેરીસ્ટર શ્રી મોહનલાલ વ્યાસની

# જીવનકથા-(૬)

જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી

### શ્રીકૃષ્ણ મેનન

મિ. મેનન, મિ. હન્ટને ફોન કરે છે અને મોહનભાઈની મૂંઝવણનો અંત આવે છે.

મોહનભાઈ કોણ, મેનન કોણ, નહીં કોઈ લોહીનો સંબંધ, નહીં પ્રાંતના કે નહીં પારિવારિક, મિત્ર છતાં જાણે મોહનભાઈના લંડનના નિવાસ દરમ્યાનના મુખ્ય આધારસ્તંભ. જ્યારે જ્યારે ભીડ પડી ત્યારે ત્યારે આવીને ઊભા રહી ગયા Friend Philosophey અને Guide તરીકેનું જ નહિ જાણે એક વાલી તરીકેનું કાર્ય બજાવી એક અણજાણ યુવાનનું ભાવિ ઘડવામાં કેવી મદદ કરે છે! આપણે પણ શ્રી મેનનના જીવનનું આ વિશિષ્ટ પાસું જાણી શકીએ છીએ. સંરક્ષણ પ્રધાન તરીકે અસફળ મેનન અને યુનોમાં ભારતના પ્રશ્નો ભારપૂર્વક રજૂ કરનાર મેનને વ્યક્તિગત જીવનમાં કેટલાં ઊંચા શિખરો સર કરેલાં તે હકીકતનું આપણને અહીં દર્શન થાય છે.

### પેંગ્વિન સીરીઝ

લંડનમાં એક પેંગ્વિન સીરીઝ ચાલતી તે સસ્તામાં સસ્તાં અંગ્રેજી પુસ્તકો લોકોને કેમ આપવાં તે માટે કામ કરતી. શ્રીકૃષ્ણ મેનન પણ આમાં કામ કરે. લોર્ડ સેમસનનો દીકરો પણ તેમાં કામ કરે, અને તે તેમાં ભાગીદાર અને પાયોનીયર (મુખ્ય પ્રણેતા)



પણ ખરા. લોર્ડ સેમસનના દીકરા પાસે પૈસા, પણ વિદ્યા અને જ્ઞાન શ્રી મેનનનું. પરંતુ એ સરસ્વતી પુત્ર અને લક્ષ્મીપુત્રનો મેળ બહુ લાંબો સમય ના ચાલ્યો. ૧૮ થી ૨૦ સુધીનાં પુસ્તકો બહાર પડતાં સાથે જ તુરત જ વેંચાઈ જતાં. તેથી સેમસનને ખૂબ કમાણી થતી પણ તેની સંકુચિત દૃષ્ટિને લીધે તે શ્રી મેનનને પૈસાની બાબતમાં કંઈક અન્યાય કરી બેઠા. સ્વમાની મેનનથી આ કેમ સહન થાય? આથી તેઓ છેવટે ૧૮૦૦ પાઉન્ડ લઈ તેની સાથેની ભાગીદારીમાંથી એક હાશ અનુભવી છૂટા પડયા.

### શ્રી મેનનનું જીવન

આ વિદ્વાન મેનન શ્રી મોહનભાઈના શુભેચ્છક. શ્રી મોહનભાઈ એક સારા વ્યક્તિ તેવી તેમના મન પર દૃઢ છાપ. શ્રી મેનન પણ એ જમાનાના બેરીસ્ટર. વ્યક્તિગત જીવનમાં પણ વચન પાલનના ખૂબ આગ્રહી. શ્રી મેનન પોતાની માતાને આપેલા વચન પ્રમાણે શુદ્ધ શાકાહારી જ રહેતા. પણ ચા ખૂબ પીએ. રોજ લગભગ ૫૦ કપ જેટલી. એમ કહો કે કેવળ ચા પર જ જીવે અને ગાંધીજીની મુવમેન્ટ મફત ચલાવવાનું વિચારે. તેમણે તે માટે શ્રી જવાહરલાલ નહેરુને પૂછાવ્યું અને તેમના સહકારની માંગણી કરી. શ્રી મેનને કહ્યું, "મારી ઇચ્છા જીવનની દેશની સેવા કરવાની છે." તેમની પ્રેક્ટીસ સારી ચાલે, પણ તેમાં તેમને રસ નહીં. તે ખરેખર મહાન માણસ. A great lover of India (એક મહાન ભારતપ્રેમી) વ્યક્તિગત જીવનમાં પણ તે અપરિણિત. માતૃપ્રેમ અને દેશસેવા સિવાય જીવનમાં કોઈ ઉદ્દેશ નહીં. બીજું કોઈ સગુવહાલું નહીં. એવો આ ત્યાગી માણસ, પણ આપણો દેશ કેટલો વિચિત્ર! આવા માણસને Parliament (લોકસભા)થી

આપણે ડીસમીસ કર્યો, જે માણસ દેશને માટે ખુવાર થઇ ગયો, તેને કાઢી મૂક્યો! લોકોના મનમાં એવી એક ગેરસમજ કે શ્રી મેનન ખૂબ પૈસા ખાઇ ગયા છે. પણ જ્યારે તેમણે આ દુનિયા છોડી ત્યારે તેમનું બેંક બેલેન્સ માત્ર રૂા. ૩૨૦૦ હતું. પૂ. ગાંધીજી શ્રી મેનનને ખૂબ સારી રીતે ઓળખતા હતા એટલે જ શ્રી નહેરુના પ્રધાનમંડળમાં તેમને (ફોરીન મીનીસ્ટર) બનાવવાનો તેમણે આગ્રહ રાખ્યો હતો. બહારથી જુદું દેખાતું જીવન ઘણીવાર આંતરિક રીતે બહુ વૈભવશાળી હોય છે. એવું જ કંઇક શ્રી મેનનના જીવનનું દર્શન આપણને મોહનભાઇના જીવનમાં જોવા મળે છે.

### વ્યવસ્થા થઇ

પેંગ્વિન સીરીઝમાંથી છૂટા થયા પછી શ્રી મેનન પાસે પૈસા આવ્યા. એટલે તેઓએ શ્રી મોહનભાઇને પૂછયું, તારું શું થયું? મોહનભાઇએ કહ્યું, "મારી પાસે પૈસા નથી. એટલે શું કરવું તેની વિમાસણમાં છું." આ સાંભળતાં જ શ્રી મેનને કહ્યું, "અરે, તારે હવે પૈસાની ચિન્તા કરવાની જરૂર નથી. તું ભણ અને તને અહેસાન જેવું લાગતું હોય તો, કમાય ત્યારે મારા પૈસા પાછા આપી દેજે." વળી મોહનભાઇની લેટિન ભણાવવાની જવાબદારી પણ તેમણે સ્વીકારી લીધી. તુરત જ ૨૦ પાઉન્ડ આપ્યા. પરંતુ મોહનભાઇએ તો માત્ર ૨ પાઉન્ડ જ લીધા. હવે પૈસા આવ્યા એટલે મોહનભાઇ પૂરા મનથી અભ્યાસમાં લાગી પડયા.

પૈસા આવતાં મોહનભાઇ મી. હટન પાસે પહોંચી ગયા. વૃદ્ધ ગુરુપત્નીએ પતિને આ વાતની જાણ કરી, અને આ વિદ્યાર્થી માટે ધ્રૂજતા હાથે ચા બનાવી લાવ્યાં. પત્નીમાં જાગેલી મમતાએ



મી. હટનને પણ પીગળાવ્યા, તેમણે મોહનભાઇને એક પ્રેમાળ પિતાની જેમ ભણાવવા માંડયા. માત્ર ૩ મહિનામાં જ ટેક્સ વાંચતા કરી દઇ, ઇંગ્લીશ અનુવાદ (Translation) કરતાં કરી દીધા. મોહનભાઇ પણ ભણવામાં ખૂબ ખંતીલા. મી. હટનને ખાત્રી થઇ ગઇ કે મોહનભાઇ પાસ થઇ જશે. તેઓએ તેમને ડબલીન જવાની સલાહ આપી અને શક્ય તેટલી બધી જ રીતે મદદરૂપ થવાનું વચન આપ્યું.

### લેટિનની પરીક્ષા

ડબલીન આર્યલેન્ડમાં આવેલું છે. ત્યાં લેટીનની પરીક્ષા લેવાય. મોહનભાઇ આર્યલેન્ડ ગયા. આર્યલેન્ડને સ્વાતંત્ર્ય અપાવનાર ડીવેલેરો જેવી વિભૂતિના દર્શન પણ કર્યાં. ત્યાંથી યુનિવર્સિટીમાં ગયા. હોટલમાં ઉતારો મળ્યો હતો કારણ હવે શ્રીકૃષ્ણ મેનને પૈસાની ચિંતા ટાળી દીધી હતી. ઘણા વિદ્યાર્થીઓ બહારથી આવેલા. તે જોઇ તેમને ગભરાટ ઓછો થયો. કેટલાક સાથે દોસ્તી પણ થઇ. મિત્રો સાથે પરીક્ષાનો હોલ જોઇ આવ્યા. બીજા દિવસે સવારે ૯–૩૦ વાગે પરીક્ષા શરૂ થવાની. ત્યાં ક્યાં બેસવાનું તે જલા પટાવાળાએ બતાવી. આ અજાણ્યા દેશમાં નવા સ્થળનો ગભરાટ તો ખરો જ. વળી આટલા ખર્ચ અને મહેનત કર્યા પછી પાસ થવાશે કે નહિ એની ચિન્તામાં ઉતારા ઉપરથી પરીક્ષા માટે નીકળતા પોતાની પેન લેવાનું જ ભૂલી ગયા! પણ અહીંય પ્રભુ તેમની મદદે આવ્યા. પરીક્ષા હોલના સુપરવાઇઝરે શ્રી મોહન-ભાઇના મુખ પરનો ગભરાટ જોઇ પૂછયું, "My boy What's the matter?" શું વાત છે ભાઇ? એટલે મોહનભાઇએ કહ્યું, મારી પેન ભૂલથી ઉતારા પર રહી ગઇ છે."

"બસ, એટલી જ વાત છેને! લે મારી શેફર પેન અને પેપર લખવા માંડ." શ્રી મોહનભાઈએ આભાર સાથે પેન સ્વીકારી પેપર લખવા માંડયું. પેપર સહેલું લાગ્યું. તેમાં વળી સુપરવાઈઝરના માયાળુપણાથી શ્રી મોહનભાઈનો ઉત્સાહ ને હિમ્મત વધી ગયાં. તેઓએ પેપર પૂરું કરીને, સુપરવાઈઝરને પેન પાછી આપતાં તેમનો હૃદયપૂર્વક આભાર માનતાં કહ્યું, "સાહેબ, આપની સમયસરની મદદ અને ભલી લાગણીએ મને પ્રોત્સાહિત કર્યો. એટલે જ હું મારી પરીક્ષા સારી રીતે આપી શક્યો. આપનો આ આભાર હું જીવનભર નહિ ભૂલું."

### લેટિનમાં સફળતા

થોડા દિવસો પછી પરિણામ જાહેર થયું. સદ્નસીબે મોહનભાઈ સારી રીતે લેટિનમાં પાસ થઈ ગયા. શ્રી મેનનની મદદ અને મોહનભાઈનો પુરુષાર્થ બંને ફળ્યાં. તેઓએ દિલપૂર્વક પ્રભુનો આભાર માન્યો.

એ રીતે એ દિવસોના દ્વિધાયુક્ત જીવનનો અંત આવ્યો. ઊંઘ પણ ઉડાડી મૂકે તેવી ચિન્તાઓ તો ક્યારેક આવી જતા ખરાબ નિરાશામય વિચારો, આ બધું મનોબળને ઢીલું કરી નાંખતું, પરંતુ લેટિનની સફળતાએ આ બધી દ્વિધાભરી સ્થિતિનો અંત લાવી દીધો. આત્મવિશ્વાસ પણ વધારી દીધો. નવા જીવનનું દ્વાર ઉઘડતું દેખાયું.

### ધાંગધ્રાના મહારાજા સાહેબની મુલાકાત

એ દિવસોમાં એક સારી ઘટના બની. તેમની માતાજીનો ધાંગધ્રાથી પત્ર આવ્યો. તેમાં તેમની બાએ જણાવેલું કે મહારાજા સાહેબ લંડન પધારે છે, તો તેમને પગે લાગવા જજે," મહારાજા સેવોય હોટેલમાં ઉતરે. ઘણી મોંઘી હોટેલ. ખૂબ પૈસાદાર માણસો ત્યાં ઉતરે. એટલે ત્યાં જતાં સંકોચ થાય. છતાં માના આગ્રહથી શ્રી મોહનભાઈ મહારાજાને મળવા ગયા. મહારાજાએ પ્રેમથી સત્કાર્યા ને જમવા નિમંત્રણ આપ્યું. મોહનભાઈએ શરૂમાં તો ના પાડી. એમણે કહ્યું અહીં શુદ્ધ શાકાહારી ભોજન મળવું મુશ્કેલ. પરંતુ મહારાજા સાહેબ ધાર્મિક વૃત્તિના. લંડનમાં તેમને પોતાના રાજ્યનો બ્રાહ્મણ ક્યાંથી મળે? એટલે તેઓએ કહ્યું, "શુદ્ધ શાકાહારી જ ભારતીય ઢબનું ભોજન બનશે. તેની ચિન્તા ન કરતો."



અને મહારાજા સાહેબ તે સમયના ૩૫૦ પાઉન્ડ ખર્ચી, લાડુ, દાળ, ભાત, શાક અને રાયતાનું ભારતીય નહિ પણ ગુજરાતી ખાણું બનાવરાવી મોહનભાઈને જમાડયા. એટલું જ નહિ પરંતુ બ્રાહ્મણ તરીકે સારી દક્ષિણા પણ આપી. આ બધી ઘટનાઓ પાછળ પ્રભુ કેવી અદ્ભુત રીતે લીલાઓ કરી રહ્યો છે, તેનો વિચાર કરતાં જ મોહનભાઈ ગદ્ગદ્ થઈ જતા.

(ક્રમશઃ)

**નોંધ :** અત્રે એ ઉલ્લેખનીય છે કે બેરીસ્ટર શ્રી મોહનલાલ વ્યાસનો સ્વર્ગવાસ ઓગસ્ટ, ૯૫ માં થયો. તેઓ આખી જીવનકથા અધ્યાત્મનાં પૃષ્ઠો પર રજુ થાય તે જોવા ભાગ્યશાળી ના થયા, તેનું અમને દુઃખ છે. તે એક સારા સાધક હતા. પૂ. મામાં અનન્ય શ્રદ્ધા ધરાવતા. જીવતાં જ જેમણે પોતાનું સ્થાન કોઈ સંતના હૃદયમાં અંકિત કરી દીધું હોય, તેની મુક્તિ જ હોય. તેના આત્માને શાન્તિ જ હોય.

—તંત્રી

# જ્ઞાનદાયિની શ્રી શ્રી મા શારદા

સંકલન : ઝિંઝુવાડીયા કનૈયાલાલ

સાચો ગુરુ અસીમ પ્રેમથી શિષ્યનો બધો ભાર પોતાના ઉપર લઇને એને સર્વ બંધનમાંથી મુક્ત કરે છે, એટલું જ નહિ પણ ઘણી વાર તો એ શિષ્યનાં પાપકર્મો ને રોગો સ્વીકારી લઇ પોતે દુઃખકષ્ટે ભોગવે છે! આ બધું તે જાણી જોઇને જ કરે છે ને તેને લીધે કષ્ટ પામવા છતાં તેમ કરતાં અટકતાં નથી. માતાજીના જીવનમાં આનાં અસંખ્ય દૃષ્ટાંતો જોવા મળે છે.

'ઉદ્‌બોધન'માં છેવટની માંદગી વખતે તેમણે એક ભક્તને કહ્યું હતું, "તમે શું ધારો છો? ઠાકુર આ શરીરને બહુ દિવસ ટકાવી ન રાખે તોપણ જે બધાનો ભાર મેં લીધો છે તેમાંના એકને પણ મુક્તિ મળવી બાકી રહે ત્યાં સુધી મને કંઇ રજા મળવાની છે? મારે એમની સાથે જ રહેવું પડશે. એમના પાપપુણ્યોનો ભાર મેં સ્વીકાર્યો છે.

(પ. પૂ. મહાત્મા યોગેશ્વરજી પણ કહેતા, જે જીવોએ અમારું શરણું લીધું છે તે જીવો જન્મ જન્માંતરના ચક્રમાંથી મુક્ત ન થાય ત્યાં સુધી અમો છોડશું નહિ.)

દીક્ષા આપવી એ કંઇ રમત નથી. કેટલો બોજો માથા પર લેવો પડે છે, ને તેને માટે કેટલી ચિંતા કરવી પડે છે? આ જો ને, તારા બાપા મરી ગયા તેનું મને પણ દુઃખ થયું. મેં વિચાર્યું, 'પ્રભુએ વળી આ છોકરાને કેવી કસોટીમાં નાખ્યો?' તું પ્રયત્ન કરી કેવી રીતે આમાંથી ઊગરી શકે તેની જ મને ચિંતા થાય છે. એટલા માટે તો તારી જોડે આટલી વાત કરું છું. તમે બધાં કંઇ



બધુંય સમજી શકો છો? તમે જો સમજતા હોત તો મારી ચિંતા ઘણી ઓછી થાત.

ઠાકુર જુદી જુદી રીતે જુદા જુદા લોકોને રમાડે છે ને એનો ધક્કો મારે સહન કરવો પડે છે. જેમને મારા પોતાના તરીકે મેં સ્વીકાર્યા છે એમને તો દૂર ફેંકી નહિ શકું.

* * *

માતાજી સતત માનસ જપ કરતાં. વૃદ્ધાવસ્થામાં શરીર દુર્બળ થઇ જતાં ઘણું ખરું સૂઇ રહેવું પડતું. ત્યારે પણ સતત જપ ચાલતો. રાત્રે એમને ખૂબ ઓછી ઊંઘ આવતી; જરાક સાદ કરતાની સાથે તરત જવાબ દેતાં. સેવકે એક વાર વિસ્મિત થઇ પૂછયું, "આપ ઊંઘ્યા ન હતાં કે પછી ઊંઘ નથી આવતી?" માતાજીએ કહ્યું, "શું કરું દીકરા? છોકરાઓ આગ્રહ કરી આવે ને દીક્ષા લે પણ પછી ઘરે જઇ નિયમિત જપ નથી કરતા. અરેરે! નિયમિત શું? કોઇ કોઇ તો કરતા જ નથી. પણ એમનો ભાર મેં લીધો છે એટલે એમના માટે મારે જપ કરવા પડે ને! તેથી જપ કરું છું. ને પ્રભુ પાસે એમના માટે પ્રાર્થના કરું છું કે, "હે ઠાકુર, એમનું અજ્ઞાન દૂર કરો. એમને મુક્તિ આપો, ઇહલોક અને પરલોકમાં એમની સંભાળ રાખો. આ સંસાર બહુ દુઃખમય છે. એમને ફરી જન્મવું ન પડે એ જોજો."

(ગુરુ હોય તો આવા જ હોય. ભક્તોની કેટલી ચિંતા? ભક્તો-ના બદલે પોતે જ જપ કરે અને ભક્તોનું શુભ વાંછે. ભક્તો માટે માતાજી શ્રી રામકૃષ્ણદેવને કેવી કેવી પ્રાર્થનાઓ કરતાં! આ લોકમાં તથા પરલોકમાં પણ પોતાના દીકરાઓની સંભાળ રાખવા પ્રાર્થના કરતાં એટલું જ નહિ પણ પોતાના પુત્રો સમાન ભક્તોને ફરી જન્મવું ન પડે તેવી પ્રાર્થના કરતાં. ભક્તો ઉપર કેટલો

અલૌકિક પ્રેમ! મા શારદાના જીવનમાં એક વાત ખાસ ધ્યાન ખેંચે છે અને તે એ કે એમણે ભક્તો માટે કે પોતા માટે જ્યારે જ્યારે કાંઇ પ્રાર્થના કરી હશે ત્યારે શ્રી રામકૃષ્ણદેવને જ કરી હશે અન્ય કોઇ પણ દેવોને નહિ.

* * *

એક ભક્તને આશ્વાસન ને અભયદાન આપતાં એમણે કહ્યું, "દીકરી, તને શી ચિંતા? તારે કંઇ કરવાની જરૂર નથી. તારે માટે હું જ બધું કરું છું." ભક્તે પૂછયું, "તમારાં જ્યાં જ્યાં જે જે સંતાનો છે, તે બધાં માટે તમારે કરવું પડે છે?" માતાજીએ કહ્યું, "હા, બધાં માટે મારે કરવું પડે છે." ભક્તે વળી પાછું પૂછયું, "તમારા તો કેટલા બધા છોકરાઓ છે! શું બધા તમને યાદ આવે છે?" માતાજીએ જવાબ આપ્યો, "બધાની વાત યાદ ન આવે. પણ જેમનાં નામો યાદ આવે એમને માટે ઠાકુરને પ્રાર્થના કરું છું કે, 'હે ઠાકુર મારાં ઘણાં સંતાનો જુદા જુદા સ્થળે વસે છે. જેમનાં નામો મને યાદ પણ નથી આવતાં. તમે તેમની સંભાળ રાખજો. તેમનું કલ્યાણ થાય તેમ કરજો.'

એક વાર સ્વામી વિશ્વેશ્વરાનંદે હઠ કરીને માતાજીને કહ્યું, "જ્યારે તમને બધાની વાત યાદ નથી આવતી ત્યારે થોડા લોકોને દીક્ષા આપવી સારી." એના જવાબમાં સરળતાથી માતાજી બોલ્યાં, "આ વિષયમાં નિષેધ કરવાની જરૂર લાગત તો તેઓ શું મને ન કહેત? હું તો બધો ભાર ઠાકુરને જ સોંપી દઉં છું. દરરોજ એમને કહું છું, "જે જ્યાં હોય, ત્યાં સઘળાંને સંભાળજો અને તું જાણે છે? આ બધા મંત્રો ઠાકુરે મને આપ્યા છે. બધા જ સિદ્ધમંત્રો છે." એટલે કે ગુરુ યાદ રાખે એના ઉપર જ શિષ્યોના કલ્યાણનો આધાર નથી. મંત્રોમાં પણ એક વિશેષ શક્તિ છે."



૧૯૧૩ ના ફેબ્રુઆરીમાં એક દિવસ માતાજીએ મંત્રશક્તિ અને પાપગ્રહણ વિષે બ્રહ્મચારી રાસબિહારીને કહ્યું હતું "મંત્રદ્વારા એકમાંથી બીજામાં શક્તિનો સંચાર થાય. ગુરુની શક્તિ શિષ્યમાં આવે અને શિષ્યની ગુરુમાં આવે. તેથી તો મંત્ર આપવાથી શિષ્ય-નાં પાપ લેવા પડે. શરીરમાં કેટલાય રોગો થાય. ગુરુ થવું બહુ કઠણ છે. શિષ્યોનાં પાપો લઇ લેવા પડે. શિષ્યનાં પાપનો ભાગ ગુરુને લેવો પડે. શિષ્ય સારો હોય તો ગુરુને પણ લાભ થાય."

* * *

એક ઉચ્ચ કુળની સ્ત્રી દુર્ભાગ્યે અનેક દુષ્કર્મો કરી બેઠી હતી. પણ પછી સારા નસીબે પોતાની ભૂલ સમજી ગઇ ને એક દિવસ માતાજી પાસે આવી. પોતાના પાપોથી ભય પામી માતાજીના ઘરના દરવાજાની બહાર ઊભી ઊભી બોલી, "મા, મારી શી ગતિ થશે? આ પવિત્ર મંદિરમાં પ્રવેશ કરી તમારી પાસે આવવાની મારી યોગ્યતા પણ નથી." માતાજી આગળ આવ્યાં ને પોતાના પવિત્ર હાથ તેને ગળે વળગાડી હેતપૂર્વક બોલ્યાં, "આવ દીકરી, અંદર ઓરડામાં આવ. પાપ કોને કહેવાય તે તું હવે બરાબર સમજી છે ને તને પશ્ચાત્તાપ થાય છે. આવ, તને મંત્રદીક્ષા આપું છું. ઠાકુરને ચરણે બધું અર્પણ કરી દે. ભય શેનો?" પતિતોનો ઉદ્ધાર કરનાર માતાજીએ પોતે એક દિવસ આવી કૃપાની વાત સમજાવતાં કહ્યું હતું, "તો શું ઠાકુર ફક્ત રસગુલ્લાં ખાવા જ આવ્યા હતા?"

* * *

પાપ ગ્રહણ કરવાની સાથે કલ્યાણ કરવાની પણ એમની અનહદ આકાંક્ષા હતી. જયરામવાટીમાં કોઇ દિવસ નવો ભક્ત ન આવે તો તેઓ કહેતાં, "આજે કોઇ ભક્ત આવ્યા નહિ."

ગૌરીશાનંદ જ્યારે જયરામવાટીમાં હતા ત્યારે એક દિવસ

માતાજીને શ્રી રામકૃષ્ણને કહેતાં સાંભળ્યાં. "આજનો દિવસ પણ વૃથા ગયો. એક જણ પણ ન આવ્યો. તમે તો કહ્યું હતું કે 'તમારે રોજને રોજ કંઇ કરવું પડશે' એમ કહી તેઓ ઓરડાની અંદર જાય ને બહાર આવે. શ્રી રામકૃષ્ણની છબી તરફ જોઇ કહે, "કેમ ઠાકુર, આજનો દિવસ શું નકામો જ જશે?" બીજે દિવસે ત્રણ ભક્તો આવી પહોંચ્યા ત્યારે માતાજી પ્રસન્ન થયાં. (આ સમયે માતાજીને સંધિવાની પીડા વધી જવાથી માતાજીને ચાલતાં પણ પીડા થતી તો પણ નવા નવા ભક્તો આવે અને તેમની સાર–સંભાળ, ભોજન વગેરેની વ્યવસ્થા કરવી પડે તો પણ ભક્તો આવે તેના માટે કેટલાં ઉત્સુક!)

મા શારદાદેવી કહેતાં, "ભક્તો કાલાવાલા કરે, રડે એ જોઇને મને દયા આવી જાય છે. એટલે કૃપા કરી મંત્ર આપું છું. નહીં તો વળી મને શું ફાયદો. મંત્રો આપીને તો શિષ્યોનાં પાપો જ લેવાનાં કે બીજું કાંઇ? હું એમ વિચારું છું કે આ શરીરનો નાશ તો થવાનો જ છે, તો પછી મંત્ર આપવાથી જો લોકોનું કલ્યાણ થતું હોય તો ભક્તોની ઇચ્છા સંતોષવી."

૧૯૧૨ ના જાન્યુઆરી મહિનામાં એક ભક્તે પોતાના એક અદ્‌ભુત સ્વપ્નની વાત કરી. તે સમયે એક જણ દીક્ષા લેવાની હઠ પકડી માતાજી પાસે બેઠો હતો. માતાજી એને સમજાવતાં હતાં કે "આને માટે જો હમણાં કાંઇ કરું તો મારું શરીર નહિ ટકે; હું જીવતી નહિ રહું" જેણે સ્વપ્ન જોયું હતું તે પણ માતાજીને નિષેધ કરતો હતો, તો પણ માતાજીએ દીક્ષાપ્રાર્થીની છાતી પર ને ગળા પર હાથ ફેરવી કાંઇક કરી આપ્યું. સાથે સાથે ફરી બોલ્યાં "શરીર તો જવાનું જ છે. તો હમણાં જ ભલે ને જાય. આને મંત્ર આપી દેવા દો."



૧૯૧૨ ના નવેમ્બરમાં કાશીમાં એક વાર માતાજીએ કહેલું, "જન્મ્યા પછી મેં કોઇ પાપ કર્યું હોય એમ યાદ નથી. પાંચ વર્ષની ઉંમરમાં મેં તેમને (શ્રી રામકૃષ્ણદેવને) સ્પર્શ કર્યો છે. તે વખતે મારી બુદ્ધિ ખીલી ન હતી. પણ એમણે તો મને સ્પર્શ કર્યો હતો. એમને સ્પર્શ કરી ને કેટલાય માયામુક્ત થઇ જાય છે. અને મારે જ આટલી બધી માયા? મારે આવી આકરી કસોટીઓ શા માટે સહેવી પડે છે? મારું મન રાતદિવસ ઊંચે ચઢવા માંગે છે પણ આ લોકો (ભક્ત સમાજ) તરફની કરુણાને લીધે મનને નીચે દાબી રાખું છું."

કોઆલપાડાના આશ્રમમાં એક ભક્તે માતાજીને સલાહ આપી કે, "ભક્તો સ્પર્શ કરે તેથી તમને પીડા થાય છે (પગમાં બળતરા થતી) તો પછી સ્પર્શ કરવો જ ન જોઇએ." માતાજી બોલ્યાં, "ના, દીકરા, આ કામને માટે જ તો અમે આવ્યાં છીએ." અમે જો પાપ અને કષ્ટો ન લઇ લઇએ, ન પચાવીએ, તો બીજું કોણ પચાવશે?"

* * *

બીજા તરફની કરુણાને લીધે માતાજી પોતાની તબિયત તરફ પણ ધ્યાન ન આપતાં. મલેરિયાના તાવને લીધે એમની તબિયત ખૂબ જ ખરાબ થઇ જવાથી સ્વામી શારદાનંદે દર્શન વગેરે થોડા દિવસ માટે બંધ કરી દીધાં હતાં. તે વખતે બારીસાલથી એક દીક્ષાર્થી આવ્યા, એમને દર્શન કરવા જવા દેવા કે નહિ એ વિષે સેવકોની અંદર પરસ્પર ચર્ચા થવા માંડી. માતાજીએ એમની વાત સાંભળીને દરવાજા પાસે આવી સ્વામી પરમેશ્વરાનંદને કહ્યું, "શા માટે આવવા નથી દેતા?" સેવકે કહ્યું "શારદાનંદજીએ ના પાડી છે." માતાજીએ ત્યારે દૃઢતાથી જવાબ વાળ્યો. "શરત વળી શું

કહેશે? અમે તો આને માટે જ આવ્યાં છીએ. હું એને દીક્ષા આપીશ." અને સાચે જ બીજે દિવસે એમણે દીક્ષા આપી.

* * *

ભક્ત ગમે તેટલો દુર્બળ હોય તોપણ માતાજી પાસે આવી બળ, સાહસ ને વિશ્વાસ મેળવતો. એક ભક્તને જપ કરીને પણ સંતોષ નહોતો મળતો. માતાજી એને સાંત્વન આપતાં બોલ્યાં કે, "અભ્યાસ કરવાથી મન શાંત થશે." માતાજીના એ શબ્દોથી પણ ભક્તને આશ્વાસન ન મળ્યું. એણે સાંભળ્યું હતું કે શિષ્ય જપ ન કરે તો ગુરુને નુકશાન થાય છે, તેથી એને મંત્ર માતાજીને પાછો આપવો હતો. આ સાંભળી માતાજી બોલ્યાં, "જુઓ, કેવી વાત કરે છે! તારે માટે તો હું ચિંતા કરી કરી હેરાન થઈ ગઈ છું. ને પ્રભુએ તો પહેલેથી તમારી ઉપર કૃપા કરી છે." બોલતાં બોલતાં માતાજીની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. થોડી વારે સ્વસ્થ થઈ કહેવા લાગ્યાં, "ઠીક છે, તારે હવે મંત્ર નહિ જપવો પડે."

એટલી વારમાં તો શિષ્યને સદ્‌બુદ્ધિ સૂઝી. તે ગભરાઈને બોલી ઊઠયો, "મા મારું બધું જ છીનવી લીધું? હવે શું કરું? તો હું નરકમાં જઈશ?" માતાજીએ અભયદાન આપતાં કહ્યું, "મારો દીકરો હોવા છતાં શું તું નરકમાં જશે? જે લોકો અહીં આવ્યા છે તે તો મુક્ત થઈ જ ગયા છે. વિધાતાની પણ એટલી હિંમત નથી કે મારાં છોકરાંઓને નરકમાં નાંખે. મારા ઉપર ભાર સોંપી દઈ તું નિશ્ચિત થઈ જા, પણ ફક્ત એ યાદ રાખજે કે તમારી પાછળ એવા એક પુરુષ છે કે સમય આવ્યે તમને પરમધામમાં લઈ જશે." (આવું અભય વરદાન તો કોઈ વિરલ ગુરુ જ આપી શકે જે ખુદ ઈશ્વરીય અંશ હોય. માતાજીને શ્રી રામકૃષ્ણદેવ પર કેટલી અટલ શ્રદ્ધા! કેટલા અડગ વિશ્વાસથી ભક્તોને કહી શકે કે



જેઓએ ઠાકુરમાં શ્રદ્ધા મૂકી છે તેઓ સમય આવે અવશ્ય પરમધામમાં જ જશે. શું મારાં અને ઠાકુરનાં સંતાનો નરકમાં જાય? કદાપિ નહિ. જે લોકો અમારી પાસે આવ્યા છે તેઓ તો મુક્ત થઈ જ ગયા છે તેમ સમજવું. ધન્ય છે એ ભક્તો જેઓએ શ્રીરામકૃષ્ણદેવ અને મા શારદાનાં ચરણકમળમાં મસ્તક નમાવ્યું.)

આવા જ એક પ્રસંગે માતાજીએ બીજા એક ભક્તને પણ આ રીતે આશ્વાસન આપ્યું હતું, "હમણાં કાંઈ પણ થાય (એટલે કે જપતપ નિયમિત ન થાય) તોપણ છેવટે પ્રભુને (રામકૃષ્ણદેવને) ઉદ્ધાર કરવા માટે આવવું જ પડશે. તેમણે પોતે વચન આપ્યું છે. તેમની વાત શું નિષ્ફળ જાય? તારી જેમ ઈચ્છા હોય તેમ કર્યે જા."

* * *

સને ૧૯૧૬ માં જયરામવાટીમાં માતાજીને એક સંન્યાસી શિષ્ય તરફથી નિરાશાભર્યો પત્ર મળ્યો. ત્યારે તેમણે કહ્યું, "આ શું? ઠાકુરનું નામ શું નકામું જશે? એ નામ કદીયે નિષ્ફળ નહિ જાય. જેઓ અહીં ઠાકુરને યાદ કરીને આવ્યા છે તેમને ઈષ્ટદર્શન થશે જ થશે. વહેલાં નહિ થાય તોપણ મૃત્યુ પહેલાંની ક્ષણે તો થશે જ." (કેટલો દૃઢ વિશ્વાસ!) આ શબ્દો માતાજીએ પોતાના ઈષ્ટ ને ગુરુ ઉપર વિશ્વાસ દૃઢ કરવા માટે કહ્યા હતા.

* * *

૧૯૧૫ માં મહેન્દ્રનાથ ગુપ્તે જયરામવાટી આવીને વિચાર્યું કે આવા પુણ્યક્ષેત્રમાં જપધ્યાન કરવાથી વધારે ફળ મળશે. તેથી તેમણે લાંબા વખત સુધી ધ્યાનજપ કર્યાં હતાં. આ પછી માતાજીને પ્રણામ કરવા ગયા ત્યારે માતાજીએ કહ્યું, "માની પાસે આવ્યા

છે. હવે આટલા ધ્યાનજપની શી જરૂર છે? હું જ તમારે માટે બધું કરું છું. હવે નિશ્ચિંત થઇ ખાઇ–પીને આનંદ કરો."

* * *

એક વાર બ્રહ્મચારી ગિરિજાનંદજીને કહ્યું હતું, "ગુરુના આદેશ પ્રમાણે તમારે દરરોજ એકસો આઠ વાર જાપ કરવા જ જોઇએ. તે ઉપરાંત તમે તો સાધુ છો. તમારે હમેશાં જાપ કરવા જોઇએ."

સને ૧૯૦૭ માં જયરામવાટીમાં માતાજીએ સ્વામી ગિરિજાનંદજીને (આ વખતે તેઓ સંન્યાસી હતા) કહ્યું, "ગુરુના ઘરમાં જપ ન કરવો જોઇએ." આ બે ઉપદેશો પરસ્પર વિરોધી લાગવાથી ગિરિજાનંદે પૂછયું, "તો શું હું એકસો આઠ વાર પણ જપ ન કરું?" માતાજીએ તરત સુધારીને કહ્યું, "ગુરુના આદેશ પ્રમાણે એકસો આઠ વાર જપ કરવા. તેથી વધારે નહિ." (ઉપરના બે દાખલાઓમાં માતાજીએ ગુરુ ઉપર શ્રદ્ધા અને વિશ્વાસને જ પ્રાધાન્ય આપ્યું છે.)

માતાજી શિષ્યનો સંપૂર્ણ ભાર લેતાં એનો અર્થ એવો નથી કે તેઓ ધ્યાન–જપ કરવાનો અથવા વિધિઓ પાળવાનો નિષેધ કરતાં. જો એમ જ હોય તો તેમણે હજારોને શા માટે મંત્રદીક્ષા આપીને સાધનાની પદ્ધતિ શીખવાડી? તેઓ સર્વસાધારણ લોકો માટે આવ્યાં હતાં ને તેમની વચ્ચે જ પોતાનું જીવન વિતાવ્યું હતું. સાધારણ માણસો માટે એમણે ભક્તિ ને શ્રદ્ધામિશ્રિત ધાર્મિક અનુષ્ઠાન માર્ગ પસંદ કર્યો હતો. એ માર્ગમાં નૂતન પ્રાણસંચાર કરી સાધનાના કઠણ ને નીરસ માર્ગને સહેલો ને રસપ્રદ કર્યો હતો. (ક્રમશઃ)



# રામકથા

( ગતાંકથી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'ઈશ્વર એને માટેની બધી અનુકૂળતા કરી દેશે. જેના બાણે ખરદૂષણનો નાશ કર્યો અને બીજા અસંખ્ય રાક્ષસોને વીંધી નાંખ્યા એમને માટે સાગરમાંથી માર્ગ કરવાનું કામ કઠિન છે? બિલકુલ નહિ. તું આવી આશંકા કરે છે એ નવાઇ જેવું લાગે છે. તારું મન મૂંઝાઇ ગયું છે અને અસ્વસ્થ છે. નહિ તો તને આવી ચિંતા ન થાત.'

'સાચું છે. મારું મન મૂંઝાઇ ગયું છે, એટલે એ જાતજાતના ને ભાતભાતના વિચારો કર્યા કરે છે. કોઇવાર ઉત્સાહથી ભરાઇ જાય છે તો કોઇવાર ઉત્સાહરહિત બની જાય છે કોઇવાર હિંમત તથા ધીરજથી દૃઢ થાય છે તો કોઇવાર તેને હારી જાય છે. જીવન કોઇવાર અમૃતમય લાગતું તે આજે વિષમય લાગે છે. પીંજરામાં પૂરાયલી પંખિણીની પેઠે અસહાય અવસ્થાનો અનુભવ કરતી આ અશોકવાટિકામાં જેમતેમ કરીને મારો કાળ વિતાવી રહી છું. મારી પાંખ જ તૂટી ગઇ છે ત્યાં ઊડીને ઊડીને જાઉં પણ ક્યાં? અશોકવાટિકા એના નામ પ્રમાણે અશોકવાટિકા બનવાને બદલે મારા માટે શોકવાટિકા બની ગઇ છે. એ શોકને શાંત કરવાનો માર્ગ મને એક પણ નથી દેખાતો.'

'એ શોકને શાંત કરવાનો માર્ગ મળી રહેશે અને તારો શોક સદાને માટે દૂર થશે.' મંદોદરી એને આશ્વાસન આપતાં કહેવા

માંડીઃ 'એ દિવસ પણ દૂર નથી, મને તો દૂર નથી લાગતો, જ્યારે આ અશોકવાટિકા બની રહેશે. રામ લંકામાં પધારશે ને તને જરૂર મુક્ત કરશે.'

'તને ખરેખર વિશ્વાસ છે?'

'હા. પૂરેપૂરો વિશ્વાસ છે. એ વિશ્વાસનું કારણ ઘણું સબળ છે.'

'મારી માહિતી માટે તેનો ઉલ્લેખ કરી બતાવીશ?'

'જરૂર કરી બતાવીશ. જો કે એ વાત મેં આજ સુધી બીજા કોઇને પણ નથી કરી, છતાં પણ તારાથી ગુપ્ત રાખવાનું કારણ કશું જ નથી. હજુ ગઇ કાલની જ વાત છે. ભોજન કર્યા પછી મધ્યાહ્ન વખતે હું જરા વિશ્રામ કરવાના આશયથી આડી પડેલી, ત્યારે અચાનક મારી આંખ મીંચાઇ ગઇ અને એ અવસ્થામાં મારી આગળ દેવર્ષિ નારદની મનોહર મૂર્તિ આવીને મંદમંદ સ્મિત કરતી ઊભી રહી.'

'દેવર્ષિ નારદની મૂર્તિ?' સીતાએ આશ્ચર્ય બતાવ્યું.

'હા. એ દેવર્ષિ નારદ પોતે જ હતા.' મંદોદરીએ સ્પષ્ટીકરણ કર્યું: 'એમણે પોતાનો પરિચય આપ્યો, એટલે મેં આનંદમગ્ન બનીને એમને પ્રણામ કર્યા.'

'દેવર્ષિ નારદનું દર્શન તો કોઇક ભાગ્યશાળીને થઇ શકે. તું ખરેખર ભાગ્યશાળી કહેવાય.'

ભાગ્યશાળી કહેવાઉં કે નહિ તે તો કોણ જાણે, પરંતુ એમના અનુગ્રહથી મને એમનું દૈવી દર્શન થઇ શક્યું ખરું. એમણે મને આશીર્વાદ આપીને કહ્યું કે સીતાના રૂપમાં પરમાત્માની પરાત્પરા શક્તિજ લંકામાં પધારી છે તેની તને ખબર છે?



'મેં કહ્યું કે હા. મને એવું જ લાગે છે. પરંતુ એનું હરણ કરવામાં આવ્યું હોવાથી અત્યારે તો એ અતિશય દુઃખી છે.

'બરાબર છે.' દેવર્ષિ નારદે કહ્યું: 'પરંતુ એ દુઃખ લાંબો વખત નહિ ટકે.'

'રામ સમુદ્ર પાર કરીને લંકામાં આવી શકશે ખરા?' મેં એમને પ્રશ્ન પૂછ્યો.

'અવશ્ય આવી શકશે.' એમણે ઉત્તર આપ્યોઃ 'એમાં શંકાનું કોઇ કારણજ ક્યાં છે? એ આવશે અને રાવણ સાથે એમનું ભયંકર યુદ્ધ થશે.'

'પછી? પછી શું થશે?'

'બીજું શું થાય? અનીતિ અને અધર્મ કદી લાંબો વખત ટકી શકે છે? રાવણના અધર્મયુક્ત આચરણને લીધે આખી લંકા બરબાદ બની જશે.'

'અને મારા સ્વામી રાવણ? એમનું શું થશે?'

'એ નહિ કહું. પરંતુ એટલું જરૂર કહીશ કે એ એની મેલી મુરાદમાં નહિ ફાવે. તને મારો આશીર્વાદ છે. તું પતિવ્રતા હોવા છતાં તારું હૃદય ધર્મપરાયણ છે. તેથી સીતા સાથે તું ઘણો સારો વ્યવહાર રાખી રહી છે. તેને માટે તું ખરેખર ધન્યવાદને પાત્ર છે.'

"બીજું કાંઇ પૂછું તે પહેલા તો તે મંદોદરી, 'તારું સદા મંગલ થશે,' એવું કહીને મારા મસ્તક પર હાથ મૂકીને જવા માટે તૈયાર થયા. એજ વખતે મારી આંખ ઊઘડી ગઇ. મને થયું કે આ તો સ્વપ્ન છે. તોપણ એ સુંદર અને સૂચક સ્વપ્નની સ્મૃતિથી મને આનંદ તો થયો જ." મંદોદરીએ ઉપસંહાર કર્યો.

'આનંદ શા માટે ન થાય?' સીતા બોલીઃ 'આવું સ્વપ્ન અને એમાં પણ દેવર્ષિ નારદનું દર્શન એક પ્રકારનો અવર્ણનીય અસાધારણ આનંદ આપે એ સ્વાભાવિક છે. મને તો એવું કોઇ સ્વપ્ન પણ નથી આવતું. એવું સ્વપ્ન આવતું હોય તોપણ મારી ચિંતા કાંઇક ઓછી થાત."

'મને આવેલું સ્વપ્ન તારું જ સ્વપ્ન છે એ સમજી લેજે. મારા જીવનમાં દેવર્ષિ નારદનું આ બીજું સ્વપ્ન છે. પહેલું સ્વપ્ન સાચું પડેલું એટલે આ સ્વપ્ન પણ સાચું પડશે જ એવો વિશ્વાસ છે.'

'તારો વિશ્વાસ ફળે એવું ઇચ્છું છું. પરંતુ તારું કયું સ્વપ્ન સાચું પડેલું?'

'મારાં લગ્ન પહેલાંનું.'

'એટલે? એ સ્વપ્ન કેવું હતું?' (ક્રમશઃ)

### સ્વર્ગારોહણ, અંબાજીમાં

## નવરાત્રિ મૌન–જપનો કાર્યક્રમ

દર વર્ષની જેમ, આ વર્ષે પણ અંબાજીમાં સમૂહ મૌન અને જપનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તો જે સાધક ભાઇબહેનો તેમાં ભાગ લેવા ઇચ્છતા હોય તેઓએ ૨૫–૯–૯૫ પહેલાં સ્વર્ગારોહણ પહોંચી જવું. એમ શ્રી અજયભાઇ કલોલાએ જણાવ્યું છે. એકવારના સાદા ભોજનની વ્યવસ્થા દર વખતની જેમ આવેલ સાધકો સાથે મળી કરશે.

—તંત્રી

## સત્યની સાધનાના સાધકે રાખવાની સાવચેતી

સત્યશોધકે કોઇનીય શેહમાં તણાયા વિના, કોઇ પણ વ્યક્તિ કે ગ્રંથવચનથી ચલિત કે પ્રભાવિત થયા વિના પોતાના હૃદયનાં અનુભવબારણાં બહારના વધારે ને વધારે અનુભવરૂપી પ્રકાશવાયુને માટે ઊઘાડાં રાખીને આગળ વધવું જોઇએ. લૌકિક વસ્તુવૈભવ કરતાં સત્યનું મૂલ્ય ને સત્યનો મહિમા મોટો છે એમ સમજી લઇ, લૌકિક પદાર્થોના પ્રલોભનચક્રમાં ફસાઇ જઇ તેણે સત્યથી છૂટાછેડા લેવાની રીત કદાપિ વિચારવી કે અપનાવવી ન જોઇએ. આ ઉપરાંત, સત્યશોધકની ધીરજ અનંત હોવી જોઇએ; કેમ કે સત્યની સાધના કાંઇ એકબે ક્ષણનો ખેલ નથી. તેને માટે તો સમગ્ર જીવનને પણ હોડમાં મૂકવું પડે, ને કેટલીક વાર કેટલાંક બીજાં જીવન પણ કુરબાની કરવાં રહે. એટલે સત્યને પામવા ને રજૂ કરવા આ બધા જ ગુણો જરૂરી છે. શ્રીકૃષ્ણ ને વ્યાસમાં આ બધા જ ગુણ હતા. તેથી તો તેમનું સત્યદર્શન સારાય સંસારને ચકિત કરી રહ્યું છે ને પ્રેરણા પણ પૂરી પાડે છે તેને ઝીલવા માટે તેવી જ યોગ્યતા મેળવવા પ્રયાસ કરવો જોઇએ. બાકી તો ઈશ્વર સર્વસમર્થ છે. તેને શરણે જવાથી બુદ્ધિમાં સત્યવિચારનો પ્રદીપ પણ તે જ પ્રકટાવે છે. એ ભાવના ને શ્રદ્ધાથી તેનું શરણ લઇને ગીતાનો સંદેશ સમજવાનો પ્રયત્ન કરતા રહીએ.

યોગેશ્વરજી

# વિવેકપૂર્વક કરવા યોગ્ય કર્મ કરો અને ફળ પ્રભુ પર છોડો

કર્મ કરવાં જ નહિ ને નિષ્ક્રાય બનીને બેસી રહેવું તથા કર્મના ફળની પણ ઇચ્છા ન રાખવી એ ઉત્તમ છે. પણ તે વાત બહુ ઉત્તમ લાગતી નથી. કર્મ કરવાં ને કર્મફળની ઇચ્છાથી કર્મ કરવાં એ મનુષ્યનો સ્વભાવ છે. તેથી વિરુદ્ધ વર્તવાનું કહેવું તે ઉત્તમ નથી. ગીતા કહે છે કે કર્મ ન જ કરવાં તે યોગ્ય નથી, ને મનુષ્યનો સ્વભાવ પણ નથી. તે કહે છે કે માણસ કર્મ ભલે કરે પણ જે કર્મ કરે તે અહંકાર ને મમતા મૂકીને કરે, વિવેકનો ઉપયોગ કરીને કરવા જેવાં કર્મ જ કરે, ને ઇચ્છા પ્રમાણે કે ઇચ્છા વિરુદ્ધ જે ફળ મળે તેનો ઉપભોગ ઈશ્વરની ઇચ્છા માનીને સ્થિરતાને ધારણ કરીને કરે. એટલે કે કર્મના ફળની સારી કે નરસી અસરથી તે મુક્ત રહે. દુઃખ આવે તો રડે, શોક કરે કે ડગે નહિ, ને સુખ આવે તો અતિશય ઉન્માદમાં આવી જઈને અભિમાની કે કુવિચારી કે ઉચ્છ્રૂંખલ ને કુકર્મી બને નહિ.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧